સમાજ, સાહિત્ય અને સંસ્કારનું નૂતન માસિક

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥शिवमस्तु सर्वजगत:



સંપાદક: સોમચંદ ડી. શાહ


| | | |
|---|---|---|
| જૂનું વર્ષ ૪ થું; | : લવાજમ : | અશાડ |
| નવું વર્ષ ૨ જું; | રૂ. ૪-૦-૦ | સં. ૨૦૦૩ |

3271

કલ્યાણ પ્રકાશન મંદિર પાલીતાણા [કાઠીઆવાડ] | લવાજમ રૂ. ૪-૦-૦ | વીર સં. ૨૪૭૩ વી. સં. ૨૦૦૩ | અંક ૫ મો અસાડ

# વિષય દર્શન


| વિષય | લેખક | પેજ |
|---|---|---|
| હિન્દુ શ્રેષ્ઠ જૈનો! જાગૃત બનો!... ... | ક૦ | ૧૪૩ |
| સ્યાદ્વાદ માર્ગનો અપલાપ ... ... | શ્રી દર્શક | ૧૪૪ |
| સુવાકયોની પુષ્પમાળ ... ... ... | પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ | ૧૪૮ |
| હળવી કલમે ... ... ... ... | સંપાદક | ૧૫૦ |
| આપણાં તીર્થો; શેરીસાજી ... ... | શ્રી અભ્યાસી | ૧૫૧ |
| એમ કેમ કહેવાય? ... ... ... | શ્રી પ્રકર્ષ | ૧૫૪ |
| કળાની જ્યોતિ ... ... ... | શ્રી મફતલાલ સંઘવી | ૧૫૫ |
| અભિજાત કલ્પકો ... ... ... | શ્રી પન્નાલાલ જ. મસાલીઆ | ૧૫૬ |
| મહાસાગરનાં મોતી ... ... ... | પૂ. આ. વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ | ૧૫૯ |
| અટપટો માર્ગ... ... ... ... | પૂ. આ. વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. | ૧૬૨ |
| શત્રુંજયની ધરતીપર ... ... ... | શ્રી સોમચંદ શાહ | ૧૬૩ |
| આધુનિક જીવન ... ... ... | શ્રી સેવંતીલાલ મસાલીઆ | ૧૬૬ |
| હું કાકા ને કીકાભાઇ ... ... ... | શ્રી ચાણકય | ૧૬૭ |
| વિનાશનાં તાંડવ ... ... ... | શ્રી પ્રદીપ | ૧૭૦ |
| દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ... ... ... | પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજ | ૧૭૨ |
| જાગો અને ચેતો ... ... ... | પૂ. મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ | ૧૭૮ |



**"કલ્યાણ" માં જા÷ખ આપવાના દર**

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| આખું પેજ રૂ. | ૧૫) | ૩૫) | ૬૦) | ૧૦૦) |
| અડધું પેજ રૂ. | ૯) | ૨૦) | ૩૫) | ૬૦) |
| પા પેજ રૂ. | ૫) | ૧૨) | ૨૦) | ૩૫) |

ટાઇટલ પેજ ૨ જું રૂ. ૨૦) ટાઇટલ પેજ ત્રીજું રૂ. ૨૫) ટાઇટલ પેજ ૪ થું રૂ. ૩૫) એક વખત માટે

કલ્યાણ હજારો વાંચકોના હાથમાં જાય છે. કચ્છ, કાઠિયાવાડ, ગૂજરાત, મારવાડ, મહારાષ્ટ્ર, આફ્રીકા વગેરે દેશોમાં જેના ગ્રાહકો છે. એક વખત આપના માલની જા+ખ આપી ખાત્રી કરવા ભલામણ કરીએ છીએ. અશિષ્ટ જા+ખ લેવામાં આવતી નથી.

**કલ્યાણ પ્રકાશન મંદિર**
**પાલીતાણા** [કાઠીઆવાડ]


**ગ્રાહકોને :—**

૧ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવા ચુકવું નહિં.
૨ સીરનામું ફરે એટલે તુરતજ અમને જણાવવું.
૩ લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું.
૪ નવા ગ્રાહકો બનાવવામાં સહાયક થવું.
૫ જે અંકે આપનું લવાજમ પુરૂં થાય છે તે અંકે સુચનાની કાપલી મુકવામાં આવે છે.

# હિંદુશ્રેષ્ઠ જૈનો ! જાગૃત બનો !

આજથી લગભગ છ દશકા પહેલાંની આ હકીકત છે. પુના જીલ્લાના કલેક્ટર કે જેઓ એક યુરોપીયન ગૃહસ્થ હતા. સરકારી નોકરીના શરૂઆતના દિવસોમાં તેઓએ પુના શહેરમાં એક સરક્યુલર જાહેર કર્યો, તેમાં જણાવવામાં આવ્યું કે, 'જે કોઈ પ્રજાજનની કાંઇપણ ફરીયાદ હોય તે કલેક્ટરની કચેરીમાં લેખિત રીતે રજૂ કરવી.'

દરરોજ નવી નવી લેખિત ફરિયાદો આવવા લાગી. કલેક્ટર જાતે વાંચી તેનો યોગ્ય નિકાલ કરતા ગયા. એક સવારે તેમના ટેબલપર નામ વિનાની પણ 'એક હિંદી પ્રજાજન' ની સહીવાળી અરજી આવી પડી. કલેક્ટરે કવર ફોડયું. અક્ષરો ઉકેલ્યા, તેમાં લખ્યું હતું. 'મારી ફરિયાદ છે, હું તમારી પાસે જવાબ માંગું છું કે, હિંદની ભૂમિપર અડ્ડો જમાવીને પડેલા તમે અંગ્રેજ લોકો અહિંથી ક્યારે ટળશો ?'

એ ભલા અંગ્રેજ ગૃહસ્થ આ વાંચીને સ્હેજ હસી પડ્યા. ફરિયાદીના સીરનામાની ખબર નહિ હોવાથી તેઓએ બધી સરકારી કચેરીઓના 'જાહેરાત બોર્ડ' પર પેલા હિંદીપ્રજાજનને ઉદ્દેશીને જવાબ લખી મોકલ્યો કે, 'જ્યારે તમે હિન્દીઓ એક થશો ને અંગ્રેજ લોકોની સંગઠ્ઠન શક્તિ તેમજ પ્રામાણિકતા ખૂટશે, ત્યારે આ હિંદની ભૂમિપર એક પણ અંગ્રેજ બચ્ચો સ્વમાનપૂર્વક નહિ રહી શકે.'

આ જવાબમાં, સાચા હિન્દીના વ્યક્તિત્વને પડકાર છે. અંગ્રેજોની પ્રામાણિકતા ખૂટી ગઇ છે, પણ એ ગોરી પ્રજાની સંગઠ્ઠનશક્તિ પ્રબલ છે. માટેજ આ લોકો હિંદની ચાલીસ ક્રોડ પ્રજાપર એક છત્રી રાજ્ય ચલાવી રહ્યા છે. હિંદીઓએ તેમાં પણ, હિંદુપ્રજાએ પોતાની પ્રામાણિકતા અને સંપ આ બન્ને મહાશક્તિઓ ગૂમાવી દીધી છે. સ્વાર્થ, સંકુચિતતા, તકવાદીપણું, ભોગવિલાસ, તેમજ પૈસો જ ભેગો કરવાની પાશવીવૃત્તિ હિંદુ સમાજમાં ઘર કરી બેઠી છે.

હિન્દુસમાજે ઘણું ઘણું ગૂમાવ્યું છે. રાષ્ટ્રવાદની સાંકડી મનોવૃત્તિમાં ગૂંથાએલા હિન્દુઓએ, પરસ્પરનો ભ્રાતૃભાવ, સ્વચ્છહૃદય, નિઃસ્વાર્થ સાધુતા ઈત્યાદિ મહામૂલા ગુણો લગભગ વિસારી દીધા છે. આ કરતાં વધુ કમનશીબી તે છે કે, હિંદુઓએ પોતાની ધાર્મિકભાવના, પવિત્ર સંસ્કૃતિ ને નૈતિક આચાર–વિચારો, તેમજ ધર્મ કે હિંદુત્વ માટે યાહોમ કરી સર્વસ્વ સમર્પી દેવાની ઉમદા ક્ષાત્રવટને ગૂમાવી દીધી છે.

આજેજ ભૂતકાલ ભૂલી સઘળા હિંદુ સમાજે પોતાના હિંદુવટની ખાતર, હિંદુ સંસ્કૃતિને કાજે, આજે ઐક્ય કેળવી સંગઠ્ઠિત થવાની ઘણીજ જરૂર છે. હિંદુસમાજના એક ને અવિભાજ્ય અંગ ગણાતા હિંદુ શ્રેષ્ઠ–જૈનસમાજે પણ આજની કટોકટીની વેળાયે વધુ જાગૃત બનવાની જરૂર છે. મતભેદ, ન્યાત કે જાત, સંપ્રદાય કે બીજા અવાન્તર ભેદોને ભૂલી જૈન ધર્માત્માઓએ સંપ ને સાધર્મિકભાવ વધુ ને વધુ કેળવી એકી અવાજે હિંદ કે હિંદ બહારની કોઈપણ સત્તાઓને પડકારવાની જરૂર છે.

આજે ઉદેપુર રાજ્ય ને કાલે બીજું રાજ્ય, આજે દેશી રાજ્યસત્તા કે કાલે પ્રજાકીય કોંગ્રેસસત્તા; કોઇપણ; આપણી ધાર્મિક ભાવના, સંસ્કૃતિ કે વ્યક્તિગત યા સામુદાયિક અધિકારોને ઝૂંટવી લેવા તૈયાર થનારા આ શોષક શાસકોને આપણે બધા જૈનોએ સંભળાવી દેવું જોઇએ કે, 'રાષ્ટ્રીયતાની ઉપજાવી કાઢેલી સ્વતંત્રતાની વેદી પર જૈનોની ધાર્મિક સ્વતંત્રતાને જો લૂંટી લેવામાં આવશે તો જૈન સમાજ એ સાંખી નહિ લે ! અમારાં પવિત્ર દેવસ્થાનો યા ધર્મસ્થાનોની મૂડી કે તેના સંરક્ષણ માટેની સમૃદ્ધિ એને 'ચાઉ' કરી વેડફી દેવામાં, કે તેની પવિત્રતાને અભડાવી દેવા માટે કાયદાઓ ઘડી કાઢવામાં આવશે તો અમે જૈનો તેને કદિ નહિજ ચલાવી લઇએ ! ખબરદાર ! તમારે સ્હમજી લેવું કે, ધર્માત્માઓની પવિત્ર ધાર્મિકતાને લૂંટી લેનારી કોઈ પણ સત્તા ઝાઝું જીવી શકતી નથી'.

# જેના વાકયે વાકયે સ્યાદ્વાદ માર્ગનો અપલાપ થઈ રહ્યો છે, તે ‘આત્મધર્મ’નાં લખાણો આમજનતાને આડે માર્ગે દોરે છે.

[ લેખાંક ૬ ]

—શ્રી દર્શક

સોનગઢના કાનજીસ્વામીની વાણી, પ્રતિપાદનો કે વિધાનો; લગભગ વ્યવહારપ્રધાન જૈન–શાસનના સનાતન માર્ગનો અપલાપ કરનારાં છે. વિદ્વતા હોવા છતાં કાનજીસ્વામીએ એમની પોતાની શક્તિનો મ્હોટે ભાગે દુર્વ્યય કરી નાંખ્યો છે. ‘આત્મધર્મ’ માસિકમાં એમનાં જે વ્યાખ્યાનો પ્રગટ થયા કરે છે, તે બધાં વ્યાખ્યાનોમાં કાનજીસ્વામીનાં દરેક વિધાનો **જ**કાર-પૂર્વક એકાન્તવાદની શૈલીથી સંકળાયેલા છે. જે જે પ્રતિપાદન **જ**કારપૂર્વક થાય છે, તે જૈનદર્શનની સ્યાદ્વાદ શૈલીનો ઇનકાર કરનાર હોવાથી સમ્યગ્જ્ઞાન ન બનતાં, કેવળ મિથ્યાજ્ઞાનરૂપ બને છે; કારણકે, સમ્યગ્જ્ઞાન હંમેશા સાપેક્ષ દ્દષ્ટિના બોધક **‘સ્યાત્’** શબ્દથી અંકિત હોય. આથી સમ્યગ્જ્ઞાનીનાં પ્રતિ-પાદનો કે મંતવ્યો, અનેકાંતમાર્ગને અનુરૂપ હોય છે.

જ્યારે સ્વામીજીનાં વ્યાખ્યાનોમાં જે કથન કે મંતવ્ય રજૂ થાય છે, તેમાં સ્યાદ્વાદમાર્ગથી વિરૂદ્ધ નિરપેક્ષદ્દષ્ટિ જ હોય છે. આથી જૈનશાસ્ત્રોની અને-કાન્ત પ્રધાન પ્રતિપાદન શૈલીનો અપલાપ સ્વામીજીની વાણીમાં વાકયે વાકયે જણાયા વિના નહિ રહે !

ગતાંકમાં જે ચૌદ પેરા, આત્મધર્મના અંકો-માંથી ઉધ્ધૃત કરીને મૂકયા છે; તેમાં આ જ રીતે એકાન્ત–**જ**કારપૂર્વક એમણે પોતાનાં મન્તવ્યોનું પ્રતિપાદન કર્યું છે. શરૂઆતના પેરામાં તેઓ કહે છે,

‘ શુદ્ધ ચેતન પરિણામને **જ** ધર્મ કહ્યો છે. જેટલી પર–જીવની દયા, દાન, પૂજા, વ્રત વગેરેની શુભ કે હિંસાદિની લાગણી ઉઠે તે બધો અધર્મભાવ છે, [આત્મધર્મ વર્ષ ૩ ભાદ્રપદ અંક ૩૫ પૃ. ૨૦૩ પે. ૧]

ઉપરોક્ત પહેલા વાકયમાં કહેલી હકીકત અપેક્ષાયે સાચી છે; કારણકે આત્માના ક્ષાયિક ગુણો જ્ઞાનાદિ ને વાસ્તવિક રીતે આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, અને તે આત્માનો પોતાનો શુદ્ધ ધર્મ છે. આ નિશ્ચય-નયની અપેક્ષાયે બરાબર ઘટી શકે છે; પણ ‘આત્માના શુદ્ધ પરિણામને **જ** ધર્મ કહ્યો છે. ’ આ વાકય, નિશ્ચયનયાભાસને અનુલક્ષીને બોલાયું છે. જ્યારે **જ** કારના ઉચ્ચાર વિના જો આ કથન થતું હોય તો યથાર્થ ઠરે છે; પણ જ્યારે **જ** કાર મૂકાય છે, ત્યારે એનો આશય એ ફલિત થાય છે કે, ‘ આત્માના શુદ્ધ પરિણામ સિવાય અન્ય કોઇ વસ્તુ ધર્મ નથીજ, પણ વાસ્તવિક દ્દષ્ટિયે આ હકીકતમાં તથ્ય નથી.

કારણકે આત્માનાં શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવામાં જે જે નિમિત્તો, આલંબનો ગણાય છે. તે સઘળાં શુભ આલંબનો શુદ્ધના સાધનરૂપ હોવાથી, કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી તે બધાં શુભ આલંબનો પણ ‘ધર્મ’રૂપ બને છે. આ વ્યવહારનયની અપેક્ષાયે વ્રત, તપ, દાન, શીલ, પૂજા, દયા ઇત્યાદિ ઉત્તમ અને શુદ્ધના સાધનભૂત આ બધાં ધર્માનુષ્ઠાનો ‘ધર્મ’ છે. એને ધર્મ તરીકે નહિ માનવાનો કે ઇનકાર કરવાનો ઉપદેશ એ મિથ્યાઉપદેશ છે.

હા, નિશ્ચયનયને અપેક્ષીને પોતાનાં મન્તવ્યો રજૂ કરવાનો સહુ કોઇને અધિકાર છે; પણ તે રજૂ-આતમાં વ્યવહારનયનો આપેક્ષિક સ્વીકાર હોવો જોઇએ, પણ વ્યવહારનયનો વિરોધ કે તેનો સ્પષ્ટ નિષેધ ન જ હોવો જોઇએ. ‘ આથી આત્માનો શુદ્ધ ચૈતન્ય પરિણામ ધર્મ કહેવાય છે ’ એ હકીકત યથાર્થ છે, પણ ‘તે **જ** ધર્મ છે અને જીવદયા, દાન, પૂજા, વ્રત કે તેના અંગેની શુભ લાગણી એ ધર્મ નથી, કિન્તુ અધર્મ છે. ’ આ પ્રમાણે કાનજીસ્વામીનું કથન, કોઇપણ રીતે ઘટી શકતું નથી, કારણકે જૈન-શાસનમાં આ બધા ધર્માનુષ્ઠાનોને ધર્મનાં સાધનરૂપે સ્વીકારીને ધર્મ તરીકે ઉપદેશ્યાં છે.

યદિ જીવદયા, દાન, શીલ આદિ શુભ પ્રવૃત્તિઓ, કાનજીસ્વામીનાં કથન મુજબ અધર્મભાવ ગણાય તો જગતનો સમગ્ર વ્યવહાર પલટાઈ જશે. જીવ–દયાને પાળનાર દયાળુ કે જીવોને મારનાર કસાઈ આ બંને કાનજીસ્વામીજીના મંતવ્ય પ્રમાણે એક સરખી રીતે અધર્મી કહેવાય કારણકે, તેઓ કહે છે, ‘ જેટલી

પરજીવની દયા, દાન, પૂજા, વ્રત વગેરેની શુભ, કે હિંસાદિની (અશુભ) લાગણી ઉઠે તે બધો અધર્મ-ભાવ છે,' પરજીવની દયા પાળવામાં શુભ રાગ છે, ને તે **ધર્મ નથી**, અધર્મ છે, **હિંસા છે.'** ( આત્મધર્મ અંક ૩૫ પેજ ૨૦૩ પેરે. ૧: પેજ ૨૦૪ પેરે. ૪ ).

આ રીતે જો બધા જ અધર્મી છે તો જગતમાં અહિંસક, દયાળુ ને 'ધર્મી' તરીકે ઓળખાવનારો અને 'હિંસક'–નિર્દય ને અધર્મી કહેવડાવનારો વ્યવહાર મિથ્યા ઠરશે, પણ આમ છે નહિ. કારણકે, આ વ્યવહાર અપેક્ષાયે યથાર્થ તેમજ સુસંગત છે. વળી સ્વામીજીના મતથી આ બધા શુભ ને ધર્મ્ય ગણાતા અનુષ્ઠાનો જ્યારે અધર્મભાવ છે તો તેનો ઉપદેશ કાનજીસ્વામીજી કઇ રીતે આપી શકે? સોનગઢ આશ્રમમાં પૂજા, સ્વાધ્યાય, જીવદયા, સુપાત્રદાન, સાધર્મિક-ભક્તિ વગેરે જે થઇ રહ્યું છે તે શું અધર્મજ ને? ખરેખર, કાનજીસ્વામીજીનાં આવા મંતવ્યો, ધર્મના શુભ વ્યવહારોનો સર્વથા નિષેધ કરનારાં હોવાથી જૈનદર્શનના શાસ્ત્રીય સિદ્ધાન્તોની દૃષ્ટિયે તદ્દન અવ્ય-વહારૂ ને અમાન્ય કહી શકાય.

તદુપરાંત, જ્યારે દાન, શીલ, જીવદયા, આ બધો આચાર અધર્મભાવ છે, તો સંસારભરમાં ભયંકર નાસ્તિકવાદ પ્રવર્તી જશે. કારણકે, કૃપણો, અનાચારી, ને ક્રૂર હિંસક આત્માઓ એમ જ કહેશે કે, 'દાન દેવાની શી જરૂર છે? સદાચાર, શીલ, સંયમ પાળવાની જરૂર શી? જીવોને બચાવવાની કે અભય આપવાની જરૂર શી?' કારણકે 'આ બધો અધર્મભાવ છે.' આના પ્રતિકાર માટે આપણે આ તકે ભારપૂર્વક કહેવું જોઇએ કે, 'શુભ ધર્માનુષ્ઠા-નોની સ્હામે, તેને 'અધર્મ' કહેનારૂં સ્વામીજીનું આ કથન, બેશક, આસ્તિકવાદના મૂળમાં ઘા કરનારૂં તેમ-જ સંસારના સઘળાં શુભ ધર્માનુષ્ઠાનો પ્રત્યેની આસ્તિક ધર્માત્માઓની શ્રદ્ધાના મૂલને ઉખેડી નાંખનારૂં છે.

વળી, એ પેરામાં તેઓ લખે છે કે, 'દેહાદિની ક્રિયા તો આત્મા કરી **જ** શકતો નથી; પરંતુ શુભ પરિણામ કરે તે પણ ધર્મ **જ** નથી.' કાનજીસ્વા-મીજીનું આ લખાણ, જૈનશાસનને કે તેનાં રહસ્યને નહિ પામનાર મિથ્યાજ્ઞાનીનાં મુખમાં શોભે તેવું બેજવાબદાર અને વસ્તુના પરમાર્થને નહિ સમજનારના જેવું કેવળ અજ્ઞાનમૂલક છે.

એ વાત અવશ્ય સાચી છે કે, નિશ્ચયનયની દૃષ્ટિયે, આત્માના શુદ્ધ સ્વરૂપને અપેક્ષીને ઉપરોક્ત વિધાન યથાર્થ છે, કારણ કે, પોતાનાં સંપૂર્ણ ચિદાનંદસ્વરૂપને પ્રાપ્ત કરનાર સિદ્ધ આત્માઓ, દેહાદિદ્વારા ક્રિયા કરતા નથી'— પણ 'આત્મા દેહાદિની ક્રિયા કરતો **જ** નથી' આ **જ**કારપૂર્વકનું વિધાન કદિ ન જ થઈ શકે. આત્માની સંપૂર્ણ સિદ્ધાવસ્થાના સ્વરૂપને અનુલક્ષીને જે વિધાન થતું હોય તે, સામાન્યરીતે જકારપૂર્વક ન થઇ શકે. કારણ કે, સંસારી આત્માની અપેક્ષાયે વ્યવહારનયને અવલંબીને એમ કહેવું જોઇએ કે, 'દેહાદિની ક્રિયા આત્મા કરે છે.' યદિ સ્વામીજી કહે છે તે મુજબ 'આત્મા દેહાદિની ક્રિયા કરતો જ નથી' આમ જો સ્વીકારીયે તો પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ કે નિર્જરા— આ બધા તત્ત્વોનું અસ્તિત્વજ ઉડી જાય છે.

દેહાદિદ્વારા શુભ યા અશુભ કર્મોને આત્મા બાંધે છે, એમ સ્વીકારાય તો જ પુણ્ય કે પાપ તત્ત્વો સંભવી શકે. તે રીતે, આત્મા દેહાદિદ્વારા શુભ અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરે તેથી સંવર અને નિર્જરા થાય છે. આ હકીકતને લક્ષીને કહી શકાય કે, 'દેહાદિની ક્રિયાથી આત્મા બંધાયો છે, અને તેની ક્રિયાદ્વારા આત્મા મુક્ત બને છે,–આ વિધાન અપે-ક્ષાયે યથાર્થ છે.

સમ્યક્ત્વનાં છ સ્થાનો કે જે આસ્તિકતાનાં મૂળરૂપ છે. તે સ્થાનો જેવાં કે, આત્મા છે, નિત્ય છે, કર્મોનો કર્તા છે, બંધ છે, મોક્ષ છે, મોક્ષનાં સાધનો છે. આ છ પ્રકારની શ્રદ્ધાસ્વરૂપ આ સ્થાનોમાં પણ 'આત્માને કર્માદિનો કર્તા માન્યો છે.' એટલે સ્હમજી શકાય છે કે, જડ એવા કર્મોનો કર્તા આત્મા જે રીતે માન્યો છે, તે શરીર આદિ યોગો તેમજ અન્ય આશ્રવસ્થાનો દ્વારા આત્મા, આઠે પ્રકારના કર્મોનો કર્તા છે, અર્થાત્ દેહાદિની ક્રિયાનો કર્તા, સંસારી આત્માઓની અપેક્ષાયે આત્મા યથાર્થરીતે ઘટી

શકે છે. આથી જૈનશાસનના સ્યાદ્વાદ સિદ્ધાંતને અનુલક્ષીને અવશ્ય કહી શકાય કે, 'આત્મા દેહાદિદ્વારા ક્રિયા કરતો નથી, એ આત્માના પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિયે સાચું છે, પણ આત્મા જ્યાંસુધી સંપૂર્ણપણે પોતાનું સહજ સ્વરૂપ પામ્યો નથી, ત્યાંસુધી આત્મા શરીરદ્વારા હાલ ક્રિયા કરી રહ્યો છે' આ પ્રતિપાદન, વ્યવહાર સાપેક્ષ નિશ્ચયની દૃષ્ટિથી કરાઇ રહ્યું છે. માટે તે જૈનદર્શનની સનાતન શાસ્ત્રીય શૈલીને સુસંગત છે.

ઉપરોક્ત પેરાનું છેલ્લું વાક્ય 'પરંતુ આત્મા શુભ પરિણામ કરે તે પણ ધર્મ જ નથી'— આ મુજબનું કાનજીસ્વામીજીએ લખ્યું છે. આત્માના શુભ પરિણામને સર્વથા નકારનારૂં આવું અટપટું વાક્ય, કોણ જાણે કયા આશયથી સ્વામીજી લખી રહ્યા છે? તે સાચે સ્હમજાતું નથી. ખરે જ, પરસ્પરની સંગતિ વિના તથા સાપેક્ષદૃષ્ટિને ઇરાદાપૂર્વક ભૂલીને કરવામાં આવતાં આ વિધાનો, અનેક સામાન્ય બુદ્ધિના આત્માઓને આડે માર્ગે દોરી જનારાં છે. શ્રી કાનજીસ્વામીજી કહે છે તે મુજબ 'જો આત્માનો શુભ પરિણામ ધર્મ નથી, તેમ જ ધર્મની આરાધનામાં આલંબનભૂત અનુષ્ઠાનો દાન, શીલ, તપ, વ્રત ઇત્યાદિ શુભ અનુષ્ઠાનો પણ ધર્મ નથી તો પછી કાનજીસ્વામી ધર્મ તરીકે કોને સ્વીકારે છે? ધર્મનું સ્વરૂપ શું? ધર્મનાં સાધનો ક્યાં ક્યાં? આ બધું વિસ્તારથી તેઓ કેમ દર્શાવતા નથી?

ખરી વાત એ છે કે, કાનજીસ્વામીને પોતાના સ્વસંપ્રદાયને વિસ્તારવાની તેમ જ સ્વોત્કર્ષનાં ગાણાં ગાવા-ગવડાવવાની અને શ્વેતાંબર સંપ્રદાયના માટે હલકો પ્રચાર કરવાની એટલી બધી હદ ઉપરાંત ઇચ્છા વધી છે કે, જેથી શ્વેતાંબર જૈનસમાજમાં પ્રચલિત ધર્માનુષ્ઠાનો, ક્રિયાકાંડો, વ્રત, તપ વગેરે માટે તેઓ આ પ્રકારનો પ્રચાર કરી રહ્યા છે. જેથી તે તે સંપ્રદાયના અર્ધદગ્ધ લોકો, સ્વામીજીના આ પ્રચારથી પોત-પોતાના ધર્મસંપ્રદાયના અનુષ્ઠાનો કે ક્રિયાકાંડો-કે જેમાં થોડે ઘણે અંશે, લક્ષ્મીનો રાગ, શરીરની મમતા, કે ઇન્દ્રિયોની આધીનતાનો ત્યાગ કરવાનો રહે છે-તેનાથી વિમુખ બની, સોનગઢના અતિથિગૃહના મીઠાં ભોજનો, સારી સ્વચ્છ હવા, અને રહેવા-ફરવાની દરેક સુખસગવડો, આ બધા પ્રલોભનોથી આકર્ષાઇ તેનો લાભ મેળવવા ઉત્સુક બને જેથી સંભવિત છે કે, પરિણામે આવા અજ્ઞાન આત્માઓ સ્વાધ્યાય મંદિરના એઠકીયા બની કાનજીસ્વામીજીના અનુયાયી થાય!

અત્યાર સુધી કાનજીસ્વામીજીએ પોતાના સંપ્રદાયના પ્રચારને માટે દાન, ભક્તિ, પૂજા, સ્વાધ્યાય વગેરે માટે ખૂબ જ ભારપૂર્વક જોરશોરથી ઉપદેશ આપ્યો છે. કારણ કે, શરૂઆતમાં સોનગઢ મુકામે પોતાના સ્થાનને જમાવવાની તેમ જ નવા આગન્તુકોને આકર્ષિત કરવાની ઇચ્છાથી ધામધૂમ કે ઠઠારાની તેઓને આવશ્યક્તા હતી ત્યારે આ જ શ્રી કાનજીસ્વામીજી, વ્યવહારપ્રધાન શ્રી જૈનશાસનની શૈલીને અનુકૂલ ઉપદેશ પોતાનાં વ્યાખ્યાનોમાં આપતા હતા. આજથી ચાર વર્ષ પરના તેઓનાં જે પ્રવચનો 'આત્મસિદ્ધિપરનાં પ્રવચનો'. એ નામના પુસ્તકમાં હાલ પ્રસિદ્ધ થયાં છે. તેમાં તેઓ જણાવે છે કે,

'સત્ દેવ, સત્ ગુરૂ, સત્ ધર્મની ભક્તિ પ્રભાવનાનાં નિમિત્તો મેળવવા પ્રત્યે અરૂચિ રાખનારા, આરંભ-સમારંભના બ્હાનાં બતાવે છે, અને પોતાના ઘેર લગ્ન આદિ પ્રસંગોમાં તે રૂચિ રાખે છે. તેનો અર્થ ભૂંડારાગની રૂચિ છે. ઇષ્ટ નિમિત્તની શોભા, (દેવ, ગુરૂ, ધર્મની પ્રભાવના) ભક્તિ, એ પ્રશસ્ત રાગ છે તે પરમાર્થે હેય છે. પણ 'હજુ હું કોણ છું? કેવડો છું' તેનું જ્ઞાન નથી તે **શુભનો નિષેધ કરી**ને જશે ક્યાં?'

'ગૃહસ્થ પ્રસંગે ઘરબાર છોકરાનાં લગ્ન વગેરેમાં ઘણી કાળજી રાખવાની વૃત્તિ રાખે છે અને પવિત્ર વીતરાગધર્મની શોભા, જિનશાસનની ઉન્નતિ અર્થે તન-મન-ધન ખર્ચવામાં સંકોચ કરે તેને 'સત્નો અનાદર છે' કદિ તે એમ કહે કે, 'આત્મા શુદ્ધ છે, અકષાય છે' તેને જ્ઞાની કહે છે કે, 'તારા માટે તે નથી'. 'આત્મજ્ઞાન દશા પામ્યો હોય તેને પણ જ્યાં લગી નિર્વિકલ્પક સ્થિર ઉપયોગમાં ન ટકી શકે ત્યાંસુધી, શાસ્ત્ર અભ્યાસ, સ્વાધ્યાય, દેવ, ગુરૂ, ધર્મની ભક્તિનું પરમાર્થ લક્ષે **આલંબન છે.**

ધર્મની પ્રભાવના નિમિત્તે યથાશક્તિ તે બધું કરે’.
[ પૃષ્ઠ: ૫૬, ૫૭, પ્રકાશક: જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ વિ. સં. ૧૯૯૯ ]

આ લખાણોમાં, શુભનો આદર કરવાનો ઉપદેશ શ્રી કાનજીસ્વામીજીએ સ્પષ્ટ શબ્દોમાં આપ્યો છે. તદુપરાંત, ધર્મની આરાધના માટે દેવ, ગુરૂ, ધર્મની ભક્તિ, સ્વાધ્યાય વગેરે ‘ ઇષ્ટ નિમિત્તો ’ ને ‘ શુભ આલંબન ’ તરીકે સ્વીકારી તેને પરમાર્થ લક્ષે આરાધવાનો ધર્મોપદેશ પણ શ્રીયુત સ્વામીજીએ આપ્યો છે. જેઓ આજે ઉઘાડે છોગે ‘ શુભને અધર્મભાવ ’ કહી રહ્યા છે. ‘ નિમિત્ત કાંઇ જ કરી શકતું નથી ’ તેમ જોરશોરથી પ્રચારી રહ્યા છે. તે શ્રી કાનજીસ્વામીજી, આજથી ચાર વર્ષ પહેલાં, સોનગઢના આશ્રમની સ્થાપના વેળાયે ‘ આ બધાં નિમિત્તો, શુભના આલંબનો, તેમ જ દેવ, ગુરૂ, ધર્મની ભક્તિ માટે ’ પૈસાદારોને પ્રેરણા કરતાં ઉપરોક્ત ઉપદેશ આપતા હતા.

જ્યારે આજે તે જ શ્રી સ્વામીજી જાણે આટલા નજીકના તે ભૂતકાલને ભૂલી ગયા હોય તે રીતે, નિમિત્તનો અપલાપ કરતાં વળી આ પ્રમાણે જણાવે છે કે, ‘ ઉપાદાન અને નિમિત્ત બન્ને જુદા છે. કદિ કોઇ એક બીજાનું કાર્ય કરતા નથી. આથી નિમિત્તનું લક્ષ છોડી ઉપાદાન સ્વરૂપને લક્ષમાં લઇને કરવું તે સુખી થવાનો મોક્ષનો ઉપાય છે.
[આત્મધર્મ: અંક : ૩૯ : પોષ : પા. ૫૪, પે. ૨]

એક બાજુ કાનજીસ્વામીજી જ્યારે. શુભ નિમિત્તોને ધર્મની આરાધનામાં આલંબન રૂપ માનીને તેનો ઉઘાડે છોગે ઉપદેશ આપી રહ્યા છે. જ્યારે બીજી બાજૂ એ જ શ્રી સ્વામીજી, નિમિત્તને વ્યર્થ કહી તેનું લક્ષ્ય છોડવાને પોતાના ભક્તોને સ્હમજાવી રહ્યા છે. પણ નિમિત્તના લક્ષને છોડવાનો કે શુભને ત્યજી દેવાનો જોરશોરથી તેઓ હમણાં જે પ્રચાર કરી રહ્યા છે, છતાં જોઈ શકાય છે કે, ખુદ કાનજી સ્વામીના ભક્તો સોનગઢ આશ્રમમાં નિમિત્તની વધુને વધુ ભક્તિ કરી રહ્યા છે. આશ્રમમાં હમણાં બંધાયેલા વિશાલકાય કુંદકુંદ પ્રવચન મંડપમાં દરરોજ નિમિત્તનું આલંબન વ્યાપકરૂપે લેવાઈ રહ્યું છે.

આશ્રમમાં રહેનારા વ્હેલી સવારથી કે રાતના ૭ સુધી, શુભ આલંબનો અને નિમિત્તોની જ સેવા, આરાધના આદરી રહ્યા છે. આ ‘ વદતો વ્યાઘાત ’ કે ‘મે માતા વન્ધ્યા’ જેવી વાહીયાત વાતો નહિ તો બીજું શું ?

નિમિત્તનું લક્ષ્ય ત્યજી દેવાનું કહેનારા શ્રી સ્વામીજી, ધર્મારાધનામાં નિમિત્ત દેવ, ગુરૂ, ધર્મની ભક્તિ ઇત્યાદિની આરાધના માટે આજથી ચાર વર્ષ પહેલાં આ મુજબ કહેતા હતા કે, ‘સ્ત્રી, ઘર, કુટુંબ આદિ વ્યાપારમાં રાગબુદ્ધિ છે–તે સંસારનો રાગ પાપબુદ્ધિ છે. તેમાંથી નિવૃત્તિ લઇને સતદેવ, ગુરૂ, ધર્મની ભક્તિ, સુપાત્રદાન, વીતરાગ શાસનની પ્રભાવના, જિનપૂજા, દાનાદિ ભક્તિ, અને વૈયાવૃત્ય તથા યોગ્ય સાધર્મી આત્માની સેવા કરવાનો ભાવ જેને નથી, તે અધર્મી છે. દેહાદિ, સ્ત્રી પુત્રાદિ વગેરેમાં પ્રેમ છે, અને **પરમાર્થ નિમિત્તોમાં** પ્રેમ આદર નથી, તેને ધર્મની રૂચિ નથી. તે પાપની રૂચિને પોષણ આપે છે, અને પવિત્ર ભાવનાને પોષણ આપનારા સાચા દેવ, ગુરૂ કે ધર્મમાં આદર નથી. તે જીવ, ધર્મ સ્નેહ, પ્રશસ્ત રાગનો નિષેધ પાપમાં ટકીને કરનારો છે.’ [ ‘આત્મસિદ્ધિ પર પ્રવચનો’ પુસ્તક : પાનું : ૫૭–૫૮ )

દેવ, ગુરૂ, ધર્મનાં નિમિત્તને પરમાર્થ માનીને ઉપાદાનની કારણતાને પ્રગટ કરવામાં અસાધારણ આલંબન માનીને જ શ્રી કાનજીસ્વામીજીએ ઉપરોક્ત ઉપદેશ આપ્યો છે. એ હકીકત આમાં સ્પષ્ટપણે જણાઈ આવે છે. જો બાહ્ય સાધનો, યોગ્ય નિમિત્તો, ઉપાદાન રૂપ આત્માપર કાંઇ જ અસર ન નીપજાવતાં હોય તો પછી, શ્રી કાનજીસ્વામીજીને આટ–આટલો જોરશોરથી તે માટે ઉપદેશ કેમ આપવો પડ્યો હતો ?

ઉપાદાનની શુદ્ધતા તો દરેક ભવ્ય આત્માઓમાં સત્તા રૂપે પડેલી જ છે, છતાં તે ઉપાદાન ત્યારે કાર્ય રૂપે પરિણમે યા ઉપાદાનતા ત્યારે જ વ્યક્તપણે આવિર્ભાવ પામે કે જ્યારે અસાધારણ કારણરૂપ સુદેવ, સુગુરૂ ને સુધર્મ આદિ આરાધનાના આલંબનોની સાહાય્ય તે ઉપાદાનને મળે, ને તો જ તે ઉપાદાન સ્વયં કાર્યરૂપ પરિણામ પામે !

દૂધમાં ઘીની ઉપાદાન કારણતા સત્તા રૂપે રહેલી છે, તથા માટીમાં ઘટની ઉપાદાનતા, ને બીમાં વૃક્ષની ઉપાદાનતા અવ્યક્તપણે રહેલી છે, છતાં જ્યારે બહા-

## સુવાક્યોની ફુલમાળ

પૂ૦ મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ

સમાધિપૂર્વક મૃત્યુને મેળવવું એ જીવન જીવ્યાનું સાર્થક છે.

જીવવાનો અતિલોભ એ અસમાધિનું મોટું નિમિત્ત છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ઉપયોગી ઉપદેશ મેળવવાની ઇચ્છા એ મુમુક્ષુતાની જાગૃતિ છે.

ઉપકારીને યાદ કરો, અપકારીને ભૂલો.

સંસારનાં સુખો પર સ્હામાની આંખોને સુસ્થિર કરાવવી એના જેવો ભયંકર અપકાર અન્ય નથી.

દુઃખ મારી ભૂલથી, મેં મારી જાતે પેદા કર્યું છે.

સુખના રાગે, પરંપરાયે દુઃખોને પેદા કર્યાં છે.

સ્હમજુ, ટોળામાં જાય પણ ટોળું ન બને.

ચેતન! પુણ્યનો સંગ્રહ વેરવિખેર થઇ રહ્યો છે. પારાવાર પાપ ભેગું થતું જાય છે. સમય ઓછો છે.

જાણવું, જોવું, સમજવું અને વિચારવું એ સાચા તત્ત્વજ્ઞાનીનો માર્ગ છે.

સુખની વ્યસનિતા નાસ્તિકનાં જીવનમાં હોય છે. આસ્તિક પુણ્યનો વ્યસની હોય છે જ્યારે ધર્મનો વ્યસની મહાઆસ્તિક ગણાય છે.

સુખનો વ્યસની પુણ્યોદયથી પ્રાપ્ત સામગ્રીઓદ્વારા સુખોને મેળવવા ઇચ્છે છે.

સુખના કાળમાં સુખમાં નારાજ રહેનાર ધર્મનો વ્યસની.

દેવાથી વધારે મળે છે, એ સુખના વ્યસનીની માન્યતા; દેવાથી લક્ષ્મીની કે સામગ્રીઓની મમતા ઉતરે છે એમ ધર્મનો વ્યસની માને, દેવાથી પુણ્ય થાય. જેટલું દીધું તે જ સાચું, એ ભાવના પુણ્ય વ્યસનીનાં હૃદયમાં હોય.

હૃદયનાં ઉંડાણમાં રહેલી, રાખી ન શકાય તેવી જિજ્ઞાસુ હૃદયની વાણી શબ્દોદ્વારા વ્યક્ત થાય તે પ્રશ્ન.

અનીતિ લાભાન્તરાય બન્ધાવનારી છે. નીતિ લાભાન્તરાયને તોડનારી છે.

પુણ્યમાં સામગ્રી આપવાનો ગુણ છે, ધર્મમાં સમાધિ આપવાનો ગુણ છે.

પ્રાપ્ત સુખોનો ત્યાગ અને અપ્રાપ્ત સુખની આશાને મૂકવી તે સાધુપણું.

સુદેવ, સુગુરૂ અને સુધર્મ માન્યા પછી તેને પામનારે, દરેક તત્ત્વોમાં 'સુ' અને 'કુ' પણું જોવાનો વિવેક કેળવી આરાધક બનવું જોઇએ.

જીવીને મરવું એનાં કરતાં મરીને અખંડ અનન્ત જીવન પ્રાપ્ત કરી સ્વતંત્ર બનવું એ વીરનો માર્ગ છે.

પૂર્ણતા પ્રાપ્ત થતી નથી, પ્રગટે છે.

---

રનાં નિમિત્તો, સાધનો, સામગ્રી વગેરેનો યોગ થાય ત્યારે જ તે ઉપાદાન દૂધ, કે માટી યા બીજ, ઘી, ઘટ યા વૃક્ષ રૂપે પરિણામ પામે છે. પણ દૂધને ઢાંકીને કબાટમાં મૂકી દેવાથી, માટીને પીંડરૂપે રાખી દેવાથી કે બીજને કોઠીમાં ભરી રાખવાથી તેની ઉપાદાનતા નિષ્ફલ બને છે. માટે જ અસાધારણ નિમિત્તરૂપ સામગ્રી વિનાના ઉપાદાનને કે જેને કદિ સામગ્રીઓનો સુયોગ પ્રાપ્ત થવાનો નથી,–તેને સ્વરૂપ યોગ્ય કારણ કહ્યું છે.

જેમ કે, જાતિ ભવ્યમાં મોક્ષ પામવાની સ્વરૂપતઃ યોગ્યતા સત્તામાં પડેલી છે. એટલે મોક્ષની ઉપાદાનતા જાતિભવ્યોમાં અવ્યક્ત રૂપે રહેલી છે, છતાં તેને યોગ્ય સામગ્રી–સાધનોનો સહયોગ નથી થવાનો માટે તે ઉપાદાનતા વ્યક્તપણે કદિ પ્રગટવાની નથી. આથી સ્પષ્ટ સ્હમજાશે કે, ઉપાદાન ત્યારે જ કાર્યને કરી શકે કે, જ્યારે યોગ્ય અને અસાધારણ નિમિત્તોનો સહકાર તેને પ્રાપ્ત થાય, માટે 'ઉપાદાન અને નિમિત્ત કદિ કોઇ એક બીજાનું કાર્ય કરતા નથી.'–આ મુજબનું કાનજીસ્વામીજીનું નિરપેક્ષ કથન, એ જૈનશાસનમાં પ્રામાણિકપણે સ્વીકૃત 'કાર્ય–કારણ'ની શાસ્ત્રીય વ્યવસ્થાનો તદ્દન અપલાપ કરનારૂં અને અશાસ્ત્રીય છે.

**અહં**કાર વજ્રની કીલ્લેબંધી છે. અહં-કારી તેમાં પૂરાઈ રહેતાં તે અટવાઈ મરે છે.

**અહં**-મમ ભાવની વિસ્મૃતિ તે જ ત્યાગ, સ્વાર્થ અને અહંકારના અંતે દુઃખ ને નિરાશા.

**સહસ્ર** સુખી દુનિયાને જીતવાનું સામર્થ્ય તું ત્યારે જ પ્રાપ્ત કરી શકે, જ્યારે તારે એક સુખ છે, એ ખ્યાલ તને કાયમી રહેશે!

**પ્રશંસા** સાંભળી જો સુખી થયો, ખુશી થયો તો નિન્દાથી ગ્લાની ભોગવવાનો અવસર તારે આવશે.

**તમારો** જીવન સિદ્ધાન્ત કોઈ તમને પૂછે તો તમે શું કહેશો? ખૂબ જ સ્વાશ્રયી બની પરાધીનતા ટાળવા મથવું. એક પણ ક્ષણને સારૂ કોઈની પણ અપેક્ષા રાખવી એ ભયંકર ભૂલ છે, પરમાત્મા કે તેનો માર્ગ દર્શાવનારાઓની આધીનતા એ પણ આત્માની પરાધીનતા ટાળવાનો માર્ગ છે.

**પોતાની** જાતને બુદ્ધિએ પૂરા અને ધને અધૂરા માનનારા કદિ સમાધિ પામી શકે તેમ નથી.

**અપ્રાપ્ત** સામગ્રીઓમાં 'સુ' પુરૂષાર્થનો વિચાર આજ એક સમાધિ આપવાનો કલ્યાણ-કર માર્ગ; જ્યારે પ્રાપ્તમાં કર્માધીનતાનો વિચાર.

**ભ૦** શ્રી વીરનાં જીવનમાંથી સુખનો ઉદ્વેગ ને દુઃખને સહવામાં આનંદ;

**શ્રી** ગૌતમ સ્વામીનાં જીવનમાં લઘુતા, તપસ્વિતા, શ્રી સ્થુલભદ્રજીમાં અપ્રમાદ, જૈન ધર્મદ્વારા નિર્ભય બનવા માટે અભય આ ગુણો યાદ રાખો!

**તત્ત્વજ્ઞાની** એટલે આત્માને અડનાર, પંડિત એટલે પરને અડનાર.

**ધર્મોપદેશકનું** કાર્ય, જગતના જીવોની આંખ, સંસારના સુખોથી પાછી વાળવાનું છે.

**નામ** તેનો નાશ પણ જેનું કામ તેનો નાશ હોતો નથી. કેવળ કાર્ય કર્યા વિના નામ રાખનારાઓ ફાંફા મારે છે એઓના નામને એના જીવતાં પણ કોઈ યાદ કરતું નથી.

**મળેલાનો** અસંતોષ અને મેળવવાના ધમપછાડા આ આજની દુનિયાને લાગુ પડેલો મહાન રોગ છે.

**ગુણી** કહેવડાવવાની જેટલી ભૂખ છે, તેટલી ગુણો મેળવવા માટે અંદરની ભૂખ રાખો.

**ધર્મ** સામગ્રી મળે પુણ્યોદયે, ધર્મ પ્રવૃત્તિ થાય કર્મની લઘુતાએ.

**સુખની** સામગ્રી મળવા છતાં સુખોને નહિ ભોગવવાની પરિપૂર્ણ કાળજી એ ધર્મિજીવન.

**જરૂરીયાત** વિનાનું જીવન એ મોક્ષજીવન.

**બાપ**, બાળકને રમાડે એ સ્નેહનું પરિણામ અને બાળક, બાપને રમાડે તે લાડનું.

**સુંદરતા**, પવિત્રતા વિના શોભતી નથી, પવિત્રતા, સુંદરતા વિનાય શોભે છે.

**જોઈ** જોઇને જીવનાર કરતાં, જીવી જીવીને જોનાર વધારે અનુભવી હોય છે.

**ધર્મપ્રેમ** એ ફરજ છે, ધર્મ ઘેલછા એ જડતા છે અને ધર્મ ઝનૂન એ અધર્મ છે.

**વિચાર** તેવો ઉચ્ચાર સહેલો છે, ઉચ્ચાર તેવો આચાર અઘરો છે.


**ખુશામત** એટલે ટાપટીપ કરેલું જુઠ્ઠાણું.

**માણસને** જગાડવા સારૂ પ્રભાત બીજી વાર ઉઘડતું નથી.

**આપણે** દુનિયામાં કોઇનો પણ ભય રાખવાનો હોય તો તે ખુદ ભયનો જ.

**આપણું** કે પરમાત્માનું ધાર્યું થતું નથી, આપણા ભૂતકાલનું કરેલું થાય છે.

**વર્તમાનકાલ** એ ભૂતકાલનું પરિણામ, જ્યારે ભાવિ, વર્તમાનના ભોગવટાનું પરિણામ.




## ભારતીય જૈન સ્વયંસેવક પરિષદનું દ્વિતીય અધિવેશન

તા. ૩૧ મે અને તા. ૧ જુન એમ બે દિવસો જૈન સમાજના ઇતિહાસમાં અમર બનાવવા માટે શ્રી શત્રુંજયની શિતળ અને પવિત્ર છાયામાં પરિષદનું બીજું અધિવેશન ભરવામાં આવ્યું હતું. પરિષદના કાર્યકરોએ સ્થાન પસંદગી પણ કુશળતા પૂર્વકની જ કરી હતી. આમંત્રિત પ્રતિનિધિઓ, એક પંથને દો કાજ સમજીને પણ અધિવેશનમાં હાજરી આપશે એ જાતની માન્યતા કાર્યકરોની હશે, પણ પ્રતિનિધિઓની કંગાલ સંખ્યાએ એ માન્યતાને ખોટી પાડી છે. ખાસ ટીકીટ ખર્ચી ૧૦૦ થી ૧૫૦ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

વર્તમાન પત્રોમાં "ચલો પાલીતાણા" એ નાદથી જાહેરાતો ખૂબ કરી પણ ધારેલી ધારણા પાર પડી નથી પછી મનને મનાવી 'ઘણું સુંદર કામ થયું'. એમ માને તો નવ લોહીયા યુવાનોને અથવા તો કાર્યકરોને કોણ રોકે ? બાકી જાહેરાતો, પત્રિકાઓ આમંત્રણો, ટપાલો અને પ્રતિનિધિનાં ફોર્મો દ્વારા પ્રચાર તો ખૂબ કર્યો, પણ પ્રચારના પ્રમાણમાં એમનાજ નવલોહીઆ યુવાનોએ પુરતો સાથ આપ્યો નથી ભારતીય જૈન સ્વંયસેવક પરિષદ ભરાય ત્યાં ભારતના મંડળોના એકેક પ્રતિનિધિએ હાજરી આપી હોત તો પણ હજારોની સંખ્યાનો આંકડો પરિષદને મગરૂબ બનાવત.

પણ ખરી વાત તો એ છે કે, શ્રી જૈન સ્વયંસેવક મંડળે જૈન સમાજમાં જે રાહે કામ લેવું જોઇએ તે રાહે લીધું નથી એટલે જ સમાજનો વિશ્વાસ, સહકાર, સંપત્તિ, સલાહ, સંગઠન વગેરે જોઇએ તેવાં સાંપડયાં નથી એમ કબૂલવું એ શરમજનક નથી.

જૈન સમાજમાં સંગઠન થતું હોય અને દેશ, સમાજ અને ધર્મનાં શુભકાર્યોમાં યુવાનીના ખમીરનો સદુપયોગ થતો હોય એ કોણ જોવા ન ઇચ્છે ? પણ શુભહેતુને આગળ ધરીને પછી આપણા મન માન્યા હેતુ તરફ ઢળી જઇએ, તો સમાજનો સહકાર સાંપડવો મુશ્કેલ અને, એટલું જ નહિ પણ સમાજનો દ્રોહ કર્યો લેખાય. આપણી પરિસ્થિતિ એવી છે કે, કોઈ વખત વરસના વચલા દહાડે ભેગા થઇએ છીએ અને તેમાં પાંચ–પચીસ ઠરાવો લાવીએ છીએ, બે–પાંચ વકતાઓ સ્ટેજ ઉપર આવી પોતાનાં ભાષણો લાક્ષણિક ઢબે કે મન માની ઢબે કરી જાય છે, પ્રતિનિધિઓ, ઠરાવો ઉપર સમજ કે અણસમજપણે વોટ આપે છે, પ્રેક્ષકો, તાળીઓ પાડવાનું કામ કરે છે અને છેવટે પધારેલા મેમાનો જે માલ પાણી કર્યાં હોય છે તે ઝાપટી સૌ વિદાયગિરિનું માન લે છે. ફરી પાછે એ દુકાનનો થડો અને ઓફીસની ખુરશી.

પાલીતાણાની પુણ્ય ભૂમિપર અધિવેશનમાં હાજરી આપવા આમંત્રિત સદ્‌ગૃહસ્થો પધારે તો તેમનું સ્વાગત કરનાર પાલીતાણાના વતની

[ જુઓ અનુસંધાન પાનું ૧૭૬ ]

# કળાની જ્યોતિ

## શ્રી મફતલાલ સંઘવી

કલાની કલામય જ્યોતિ માનવીને સાચી માનવતાનું દર્શન કરાવરાવે છે. કાગળ કે કાષ્ટના એક ટુકડા પર પચરંગી કુસુમને આકાર આપો તે કુસુમ એની કળારેખાવડે આપણને સૌરભ સભર બનવાનો પાઠ ભણાવશે.

પ્રાણીમાત્રને પોતાના અંતરમાં સીધી રીતે ડોકિયું કરવાનું ગમતું નથી. કિન્તુ કલા જ પ્રાણીઓના કલાભવનમય આ વિશ્વને એક આરસી તરીકે ચીતરી, અનેકને તે દ્વારા આંતર્દર્શન કરાવી શકે છે. કલાની જ્યોતિ આપણાં અંતરને ખૂણે ખૂણે પ્રકાશ ફેંકી આપણને આપણી ક્ષતિઓનું દર્શન કરાવે છે. આપણે કેવા છીએ તેને બદલે કેવા થવું જોઇએ ? તેનો આપણને પાઠ ભણાવે છે. કળાનો જાદુઇ પ્રકાશ આપણને આપણા જ વિશ્વભવનની કળાનું દર્શન કરાવરાવી આપણો અને આપણા વિશ્વનો સુંદર સમન્વય કળાદ્વારા થાય છે કે નહિ તેનું જ્ઞાન આપણને આપે છે, અને આપણે જેમ જેમ વિશેષ કલામય બનવા ઇચ્છીએ છીએ, તેમ તેમ તે કળાની જ્યોતિ આપણને પરમની જ્યોતિના સુંદર પ્રકાશમાં ઐકય પામવાની સુવર્ણ તક લાવી આપે છે.

જે આપણે શબ્દોદ્વારા નથી વાંચી શકતા તેજ કલાનાં દર્શન વડે ઉકેલી શકીએ છીએ, આપણે કોણ છીએ અને આપણે શા માટે જન્મીએ છીએ, જીવીએ છીએ, રહીએ છીએ અને જઇએ છીએ—તે સઘળું કળાનાં દર્શન વડે સરળતા પૂર્વક સમજી શકીએ છીએ. કલાને વાચા નથી કિન્તુ એની રેખાઓમાં રમતા સત્યભાવ અને સંગીત વડે તે આપણને સત્યના પક્ષપાતી બનવાનો ઉપદેશ આપી જાય છે અને તે પયગામ જીવનમાં ઉતારી લઇએ એટલે આપણું જીવન પણ કલામય બની આત્મ પ્રેમી બનવા માંડે.

પાષાણ કે આરસ કોરી એક પ્રતિમાનું જ દર્શન કરો. તે પ્રતિમા સ્વયં કલાનું પ્રતીક બની, એના સર્જકની સર્જનશીલ પ્રતિભાનું સંગીત આપણા અંતરમાં જગાવશે જ.

કલાકાર હમેશાં પરમની સમીપમાં જ રમતો હોય છે. આત્મના જ અંશોને તે કળામાં દાખલ કરે છે અને કલાકારની નિર્જીવ કલાસૃષ્ટિ તે આત્મ–અંશો વડે ચેતનમય બની જઈ તેની સમીપ જનારને પણ ચેતનમય વિશ્વનું સુંદર કાવ્ય સૂણાવે છે.

કળાની જ્યોતિના કણો જ્યાં જ્યાં પથરાય છે ત્યાં ત્યાં દિવ્યતા પ્રસરી વળે છે, ને મલિનતા ધોવાઈ જાય છે. અનેક વેદનાને પરિણામે જ કલાકારની કલાનો પ્રસવ થાય છે. વેદનાના પ્રમાણમાં કલાકારની કલાનું આયુષ્ય એક માનવી કરતાં વિશેષ હોય તેમાં અતિશયોક્તિ જેવું કશું નથી.

કળા ભલેને એક પત્થર પર હસતી હોય, છતાંયે પત્થરી હૃદયોને પીગળાવવાની તાકાત તેની રેખાઓમાં હોય જ છે. પત્થર કે આરસ પર હસતી કળાની એક એક રેખામાં, સૂર્યના એક એક કિરણ જેટલું જોમ ભરેલું હોય છે. વિધાયકનો આખો યે આત્મા તે કળામાંજ મૂર્તિમંત બનીને ઝગમગતો હોય છે.

કળાકારના આત્માની જ્યોતિ તે જ તેની કળાની જ્યોતિ. જેટલો કળાકારના આત્માનો વિકાસ તેટલો જ તેની કળાનો પ્રભાવ. જેટલો કલાકારના અંતરનો થનગનાટ તેટલો જ કળાનો ઉલ્લાસ. કળાકાર જેવો હોય, તેવી જ તેની કળા નીવડે.

કુદરત કલામય છે. કુદરતી કલાના જ્યોતિપુંજમાંથી આપણે આપણા જીવનમાં કંઇક

# અભિજાત કલ્પકો;

**શ્રી પન્નાલાલ જ. મસાલીઆ**

સંધ્યાની ભુખરી છાયા ઢળતાં પહેલાં જંગલ વટાવી જવા **ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ** જોસભેર ચાલી રહ્યા હતા. ચારે બાજુ ઊંચાં વૃક્ષો અને ટેકરીઓ સિવાય બીજું કાંઇ નજરે પડતું નહિ. પણ આખર ગાઢ જંગલની વચોવચ્ચ એ ધીર પ્રતાપી પુરુષ ભૂલા પડયા, અને થાકીને એક નાના શા વૃક્ષ પાસે દંડ ટેકવી ઉભા રહ્યા. ત્યાંજ સહ્રામેથી 'ઉભા રહો' કરતા બે જુવાન લૂટારા ઝાડની આડમાંથી નીકળતા નજરે ચડયા. એમની નીતરતી શયતાનીયતથી બાજુનાં ગામો સુદ્ધાં ત્રાસી ગયાં હતાં.

'કયાં જશો?' યમજિહ્વા જેવી સમશેર ખેંચી લૂટારાએ નજીક આવી પૂછયું.

'કેમ વળી, કાશી ભણવા જઇએ છીએ.' સ્કંધપરથી પુસ્તકો નિચે ઉતારતાં ઉપાધ્યાયજીએ શાંતિથી કહ્યું.

'કેવા છો?'

'સાધુસ્તો.'

'સાધુ હો તો અહીંથી જ પાછા વળો!'

'પણ છે શું? કારણ?'

'અમારી મરજી'

'એ કેમ બને?' એમણે નચિંતપણે કહ્યું. તેજની ધાર જેવાં એમનાં નયનોમાં પ્રકાશની ઝાંખી દેખાતી હતી, એ તેજમૂર્તિને ભય સ્પર્શી શકતો નહિ.

'કેમ મરવું છે ત્યારે?' સાધુની નિર્ભિકતાથી લૂટારાનાં દિલ પણ દિંગ થઈ ગયાં. અપાર તાજુબીથી એ જોઈ રહ્યા.

'એટલું જ ને! મારાઓ કેવા હોય એ નજરે જોવા મળશે!'

'એમ કે?'

'હા, બીજું શું? આત્મા આપણો છે, દેહ નહિ.'

લૂટારો ખડખડ હસી પડયો.

'ઋષિરાજ!' એ બોલ્યો: 'આપના જેવા સંતપુરુષને કોણ મારી શકે છે? કૃપાળુ મહાત્મા! ચાલો, હું આપને માર્ગ બતાવું. પણ આગળ બાતમી ન મળે એટલું માગી લઇએ છીએ.' એણે પુસ્તકોય ઊંચકી લીધાં, અને થોડે દૂર સુધી સાથે જઈ માર્ગ બતાવી વિકટ ઝાડીમાં છુપાઇ ગયા.'

× × ×

એમનું નામ વીરજીસ્વામી. એ ભદ્ર પુરુષને પ્રકરણ રત્નાકરમાં હુંડીનું સ્તવન વિચારતાં જિન પ્રતિમા ઉપર અપૂર્વ શ્રદ્ધા પ્રકાશી રહી. જીવ્યાદોરી શા સિદ્ધાંતો પલટાઇ ગયા. અને મૂર્તિનિંદાનું ભભૂકતું મિથ્યાપણું કડડભૂસ કરતાં બેસી ગયું. ઢુંઢકમતને અસ્વીકાર્ય ગણ્યાબાદ એક સવારે વીરજીસ્વામી નાસી છૂટ્યા. સંતાતા–છુપાતા આ ભાઈબંધે ધર્મનાથસ્વામીના મંદિરનો રસ્તો લીધો; અને મંદિરમાં જઈ ઉપાસના શરૂ કરી, આથી સ્થાનકવાસી બંધુઓનાં દિલ ખૂબ કચવાઈ ગયાં.

---

ઉતારવું જોઇએ. હસતા કુસુમનો ઉલ્લાસ, વહેતી સરિતાનું સંગીત, ગુંજતા ભ્રમરનો શ્રમ, ડોલતા માતંગની અડગતા વગેરે, તે સિવાય આપણું કલા–જીવન કંગાલ ગણાય.

આપણામાં પણ કળાના અંશો છે. આપણું શરીર તે પણ અદ્ભુત કલાકારની કલાના એક પ્રતીકરૂપે જ છે. કિન્તુ આપણે આપણા જીવનમાં કલા પ્રત્યેનો સદ્ભાવ ઉતાર્યો નથી. અને ત્યાંસુધી કળા આપણી થવાની જ નથી.

કળાની જ્યોતિના કિરણે–કિરણે વિશ્વ સમસ્તના પ્રાણીઓનું શ્રેયઃ ગૂંજતું રહો! કલાની જ્યોતિ, અંધારામાં ડોકિયાં કરી અમને અજવાળો!

એક ન્હાનકડું ગમગીન ચહેરાવાળું ટોળું મંદિરની પાસે આવતું જતું હતું. તેમનું આવું સ્વમાન કદી હણાયું ન હતું. કાંઇ થઈ શકે એટલા માટે એ જણ શેઠ મૂળજી લવજી પાસે ફરિયાદ માટે દોડયા.

'મૂળજી શેઠ, આપે શું કર્યું તે જાણો છો?'

'પણ છે શું?' કહેશો?'

'કે અમારા વીરજીસ્વામીને તમે સાથ આપ્યો. એમને મંદિરમાં ઘુસવા દઇ બ્હેકાવી દીધા. અમારા મનોરથો ભાંગી નાંખ્યા.'

'સાચું. પણ અમે એમને બોલાવ્યા નથી, છતાં આવ્યા. તો હવે અહીં જ રહેશે અને અહીં જ મંદિરમાં જશે. એમને શા માટે અટકાવવા જોઇએ? સમકિત શલ્યોદ્ધાર અને પ્રકરણ રત્નાકર વાંચતાં એમનાં હૃદયમાં જિન-બિંબ ઉપર અપૂર્વ પ્રીતિ જાગી છે. એમાં દોષ કોનો છે?'

'એ ગમે તેમ?'

'એટલે? તમે હજુ એમને લઇ જવા માગો છો?'

'હા, અથવા તો તમારે એમને મંદિરમાંથી બહાર કાઢવા જોઇએ.'

'મંદિરમાંથી બહાર? વાહ રે ભાઇ! મંદિર મારા બાપદાદાનું નહિ પણ સંઘની માલિકીનું છે. અને સંઘમાં સાધુ પણ આવી જવાથી એમને રજા આપવી એ કોઇ પણ સત્તા બહારની વાત છે. મ્હારાથી એવો અધર્મ થાય પણ કેમ?' એમનું મ્હોં જરા લાલ થઇ આવ્યું.

સ્થાનકવાસી બંધુઓને જરા દુઃખ તો થયું, પણ શેઠના પ્રભાવ સ્હામે કારગત ન થવાથી ચૂપચાપ ચાલ્યા ગયા,

**હાંરે, મારે ધર્મ જિણંદ શું**
**લાગી પૂરણ પ્રીત જો......**

'કોણ એ?'

ધર્મનાથ ભગવાનનું મંદિર વીરજીના ભક્તિભાવ ભર્યા મધુર સ્વરથી નીતરી રહે છે. પ્રતિમાવંદનથી ઉત્તેજિત બનેલો એનો આત્મા શ્રદ્ધાના નિર્મળ પ્રકાશમાં ઝળહળી રહે છે.

**વીરજી એ જ આપણા વિનયવિજયજી મહારાજ.**

× × ×

સંવત ૧૯૮૮ નો માહ માસ હતો. કેસુડાં ફુલ્યાં, આંબે મંજરીઓ આવી, અને નીલભ્રમર ગુંજી રહ્યા. એવા એક રઢિયાળા દિવસે પૂ૦ **આચાર્ય દેવ શ્રીમદ્ વિજય-રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ** સાહેબ રાધનપુર પધાર્યા. લોકમેદની એમનાં દર્શને ઉલટી રહી. આત્માના સાનિધ્યમાંથી સંસ્કૃતિના સંદેશ ઉતરી રહ્યા, ત્યાગનો અનંત સમુદ્ર ઘૂઘવી રહ્યો. ત્યારે કોણ મહાભાગ્ય એમાં મુગ્ધ નહિ થયો હોય?'

એમણે એ પ્રસંગનેય સંયમના સુશ્લિષ્ટ પ્રદાનથી યાદગાર બનાવી દીધો. એમની ખ્યાતિ ખૂબ વધી, સ્હામે ઝુંબેશ પણ ઉઠી. છતાં તેજદીપ્તિ સમી એ આદર્શ પ્રિય વિભૂતિ પોતાની સર્વોત્કૃષ્ટ મહાનુભાવતા, સ્વાભાવિકતા અને હૃદયની સચ્ચાઈ ચૂકી નહિ.

એક સવારે વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ ધીકતા ધંધામાંથી ફુરસદ લઇ એક ભાઇ મલપતા મલવા પધાર્યા. સૂરિજીને વંદન કરી પૂછે છે.

'જી, આપની સાથે કેટલા શિષ્યો છે?'

'ત્રીસ'

'એમ? ગુરુમહારાજ પણ સાથે જ હશે?'

'ના ભાઇ, ગુરુમહારાજની સાથે અમે છીએ.' એમની લાક્ષણિકતાથી હાજર જવાબીએ ઉત્તર વાળ્યો.

# આપણું જૈન સાહિત્ય

**અંગ્રેજી અનુવાદ નોટ્સ, કોશ સાથેનાં સાત સંપાદનો નીચે પ્રમાણે ટીકા સાથે**

અન્તગડદસાઓ ને અણુત્તરોવવાઇયદસાઓ
[ એમ. સી. મોદી એમ. એ. ] ૩– ૦
સમરાઇચ્ચકહા બે ભાગ પાકું પુંઠું „ ૫– ૦
સમરાઇચ્ચિકહા ભવ ૬ ઠ્ઠો „ ૨– ૮
પંચસૂત્તમ્ [ વી. એમ .શાહ એમ. એ. ] ૧– ૪
બ્રહ્મદત્તચરિયમ્ „ ૧– ૪
નિરયાવલિયાઓ સટીક [ વી. જે. ચોકસી એમ. એ.ને ગોપાણી પી. એચ. ડી ] પાકું પૂંઠુ ૩–૧૨
વિવાગસુયં સટીક (એમ. સી. મોદીને વી. જે. ચોકસી ) ૩– ૦
સિરિસિરિવાલકહા ૧–૨ (વિ.જે.ચોકસી) ૪– ૦
અનેકાર્થ સાહિત્ય–સંગ્રહ (સં. ચતુરવિજયજી) ૨– ૦
રાજપ્રશ્નીય સટીક [ દેવનાગરી ટાઇપમાં પત્રાકારે અનુવાદ સહિત ] ( સં. પં. બેચરદાસ ) ૭– ૦
પર્યુષણપર્વનાં વ્યાખ્યાનો મુંબઇ ૧-૨-૩ ૧– ૮
આધ્યાત્મિક વિકાસક્રમ (પં. સુખલાલજી) ૦– ૬
સોળ સતી (ધીરજલાલ ધ. શાહ) ૧– ૮
સાંતુ મહેતા ૧–૨–૩,. (જૈન નવલકથા) ૭– ૮
પ્રાકૃત માર્ગોપદેશિકા ૩– ૮
ધર્મ ને ધર્મનાયક ૦–૧૨
ભરતેશ્વર બાહુબલિવૃત્તિ ૧–૨ ગૂજરાતી ભાષાંતર ૫– ૦
અર્હન્નીતિ [ દોશી મ. ન. ] ૧–૪–૦

## શ્રી જયભિક્ખુ કૃત

રાજા શ્રીપાલ ૦–૮–૦
મહર્ષિ મેતારજ ૪–૪–૦
કામવિજેતા સ્થુલીભદ્ર ૪–૮–૦
મગધરાજ ૪–૮–૦
ઋષભદેવ ૪–૮–૦

**દર્શન અને ફિલોસોફીનો મહાન**
**—: શાસ્ત્રીય ગ્રંથ :—**

## 'આર્હત્ દર્શન–દીપિકા'

વિવેચક : પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા, M. A,

મૂળ લેખક; ન્યાયવિશારદ, ન્યાયતીર્થ ઉપા૦ શ્રી મંગળવિજયજીના સૂત્રો પર અનેક ગ્રંથો, શાસ્ત્રો અને વાર્તિકોનું દોહન કરીને સુન્દર ગુજરાતી ભાષામાં રજુ થતો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ ક્રાઉન ૮ પેજી સાઇઝ : ૧૨૫૦ પૃષ્ઠ, પાકું પુંઠું : કીંમત સાત રૂપીયા.

## ભરતેશ્વર બાહુબલિવૃત્તિ

સુન્દર ભાષાંતર ભાગ ૧–૨
સુબોધ ધર્મપ્રાણ પુરૂષોનાં
જીવનો, કીંમત : રૂ૦ પાંચ

## સાન્તુ મહેતા

ભાગ ૧–૨–૩
ગુર્જરેશ્વર જયસિંહદેવની પ્રાણવાન નવલકથા.
કિંમત : સાડાસાત રૂા.

## ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય.

ગાંધી રોડ; **અમદાવાદ.**

# મહાસાગરનાં મોતી

**[ પૂ૦ આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં વ્યાખ્યાનોમાંથી સંપાદન કરનાર પૂ. મુનિરાજશ્રી નેમવિજયજી મહારાજ ]**

**વિષય સર્પ**થી ડસાએલાઓએ તો ભગવાનની મૂર્તિ પાસે વારંવાર જવું જોઇએ. વિષય એ ફણી છે જ્યારે મૂર્તિ એ મણિ છે.

**રાજ્ય**ની કે સ્વર્ગની ઇચ્છાથી લૌકિક દ્રવ્યો મેળવવા આ લોકમાં દાન દે, શીલ પાળે, તપ કરે અને ગુરૂસેવા કરે તો એ જૈનધર્મનું પરિણમન નથી.

**જ્યાં** ફેશન છે ત્યાં ધર્મનું લેશન ઘટી જાય છે અને દુર્ગતિદાયક વ્યસનો વળગે છે.

**ભાગ્ય**વાન હોય, સચ્ચારિત્રવાન હોય તો તેને વૃદ્ધાવસ્થામાં પણ જુવાનીનું જોમ રહે છે અને તેવું ભાગ્ય ન હોય અને ચારિત્ર ન પાળ્યું હોય તો જુવાન પણ બુઢ્ઢો બની જાય છે.

**સેવા**, પૂજા, ભક્તિ, ઔદાર્ય, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાન પરાયણતા આત્મામાં હોય તો દૈવી જીવન સાંપડે છે.

**સદ્** અનુષ્ઠાનમાં પણ ભાવના સારી હોવી જોઇએ, કોઇનુંયે અહિત, અભદ્ર કરવાની ભાવના ન હોવી જોઇએ. પરસ્પર શુભ પ્રવૃત્તિમાં સહકાર હોવો જોઇએ.

**નિર્ભય** બનવું હોય તો આત્માને ધાર્મિક પ્રવૃત્તિમાં જોડે જ રાખો. હજારો કષ્ટો આવે છતાં પાછા હટશો નહિ.

**વ્યાખ્યાન** શ્રવણનો સાર એ જ કે, પાપ પ્રવૃત્તિથી પાછા હઠવું, ધર્મ પ્રવૃત્તિમાં આગળ વધવું.

**મધ્યમ** જીવનવાલા ધર્મની આરાધનામાં આગળ પડતા ભાગ લેતા હોય છે, જ્યારે શ્રીમન્તવર્ગ 'હાટકા' ની જ આરાધનામાં મશગૂલ દેખાય છે.

**સમ્યગ્દૃષ્ટિ** તો મહાન્ વિરતિધર આત્મા સાથે ભોગની ભાવના ભાવવામાં પોતાના આત્માની પણ અધોગતિ જ માને.

**દુર્ગતિ**ના દુઃખો ન અનુભવવાં હોય તો પ્રાયશ્ચિત લઈ શુદ્ધ બનો, ઉચ્ચ ભાવનામાં રક્ત બનો !

**સંયમ**ની અનુકૂલતા કરી આપવા સંયમીઓની સેવામાં શ્રાવકોએ સતત તૈયાર રહેવું જોઇએ.

**અનુભવી**ની સલાહ અવગણવી એટલે દુર્દશાને અપનાવવી.

**આગમ**ના વચન પ્રમાણે ચાલવું જોઇએ અને તેમ કરાય–ચલાય તો જ તરાય.

**જ્યાં** રાગ હોય, સ્નેહ હોય તેને દુઃખ થવાથી પોતાને પણ દુઃખ થાય છે.

**જ્ઞાની**ઓથી વિરૂદ્ધ થઇ તર્ક કરનારા નર્કમાં ગર્ક થનારા છે.

**દુનિયા**ની સ્થિતિ બહુલતયા 'હાજી હા' કરવાની છે પણ ભૂલેલાને સત્યનું ભાન કરાવવું એ જ કર્તવ્ય છે.

**આ** મનુષ્યજીવનમાં પ્રભુપૂજન, સામયિકાદિ અનુષ્ઠાન ન કર્યાં, તો ભલે બૅરિસ્ટર આદિ બન્યા હોય, મ્હોટી મ્હોટી ડીગ્રીઓ ધારણ કરી હોય તોયે શું ?

**જેઓ** મરણથી બચ્યા, બચે છે અને બચશે તે તો કેવલ ધર્મના શરણથી જ.

જે ત્યાગી મહાત્માઓ આહાર અલ્પ લે છે તેમને પ્રમાદ થતો નથી, શરીર મરડવું પડતું નથી, આળસ આવી પડતી નથી, તેવાઓ ધીરેધીરે તપશ્ચર્યાપ્રેમી બને છે અને આગળ વધતાં વધતાં સ્કંધકજી મહર્ષિ જેવા તપસ્વી થઈ શકે છે.

માસક્ષમણ કરે એથી લોકો "ધન્ય છે ધન્ય છે" એમ કહે, ત્યાં જો મન ઠેકાણે ન રહે તો પોતાને પોતે તપસ્વી હોવાનો ઘમંડ આવી જાય.

તમામ રમખાણોનું મૂલ આહાર છે, એ ટળે તો જ શાન્તિ મળે.

સંતાપ માત્ર પાપને આભારી છે.

મેળવેલા મોંઘા માનવ દેહને ગંદા વિષયોની માટીમાં જ રગદોળનાર જેવો મૂર્ખ શીરોમણિ બીજો કોણ હોય?

ધર્મની ટેક ગુમાવનારાઓ, ધર્મમર્યાદાઓ તોડનારાઓ દુન્યવી ક્ષેત્રમાં ગમે તેવા મહાન્ મનાતા હોય, તોપણ અવિવેકી છે.

આહાર છોડો, કમી કરો, ન છૂટે તો તેનું લૌલુપ્ય છોડો. કુરગડુ મુનિએ લૌલુપ્યનો ત્યાગ કર્યો તો કેવલજ્ઞાન પામ્યા.

તપમાં વિવેક રાખતાં તથા પારણે પરિમિતતા રાખતાં શીખો.

ભીડ હોય ત્યાંસુધીજ કાંઇક રાંક, પછી પાછા વળી ફાંકડા રાજા.

સજ્જન મનુષ્યો પોતાની બુદ્ધિ ચાતુર્યનો ઉપયોગ ભલા આદમીને બચાવવા માટે કરે છે.

જે વીર પોતાની વીર હાકથી હજારોને કંપાવી શકે, રંગ ચઢે ત્યારે ભલભલા યોદ્ધાને પણ નમાવે. આ કોટીનો વીર ક્ષમારૂપ ભૂષણને ધારણ કરી શકે. હજારોને કંપાવવાની શક્તિ ધરાવનાર વીરમાં જો હજારોના કંપને હસતે વદને વધાવી લેવાની તાકાત હોય તો એની વીરતા જીવનને અજવાળનારી બને છે.

સ્ત્રી, ધન, વૈભવથી ક્યારે ખસીયે, મુનિવરોના ચરણ કમલમાં ક્યારે વસીયે, અને ત્યાગાર્થે ~~કમ્મર~~ ક્યારે કસીયે, આવી ઉમદા ભાવના નિર્ભાગ્યશેખરોને કયાંથી આવે?

સરકારના વોરંટથી હજી છુટાય, હજી એને દૂર ઠેલાય, પણ કર્મના વોરંટથી કોઇથી છુટી શકાતું નથી. કર્મના વોરંટને તો ધર્મથી જ દૂર ઠેલી શકાય છે.

ગમે તેવા પાપી જીવનમાં પણ જ્યારે ક્ષમાદેવી આવી વસે છે, ત્યારે તેનો પાપપુંજ નષ્ટભ્રષ્ટ થઇ જાય છે અને ધિક્કારને પાત્ર વ્યક્તિ, આદરણીય અને આરાધ્ય બને છે.

ખમાવવામાં ઉદાયન જેવા થવાય તો આવતી કાલે આપણો ઉદય છે.


## જૈન ભંડારો માટે

પ્રતો ઉપર રાખવા માટે પાટલીઓ અમારે ત્યાંથી લોટબંધ મળશે. ૧૦૦ ના રૂા. ૬-૦-૦

કપડા [ છીંટ ] ઉપરની પાટલીઓ ૧૦૦ ના રૂા. ૨૫-૦-૦

સામટી લેનારને જ્ઞાન ભંડાર વગેરેનું નામ છાપી આપવામાં આવશે.

હસ્તલેખીત પ્રતો અને જુની કારીગરીવાળી વસ્તુઓ ખરીદીએ છીએ અને વેચીએ છીએ.

કાગળ, પ્રેસ લાઈન તેમજ બ્લોકો માટે પણ પૂછો.

૧ મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ
ડોશીવાડાનીપોળ સામે-અમદાવાદ

૨ સંઘવી મુળજીભાઇ ઝવેરચંદ
જૈન બુકસેલર—પાલીતાણા.

આજે કેટલાક પ્રસંગો એવા ઉદ્દ્ભવે છે કે, શ્રદ્ધાના થરને તોડી નાંખે છે.

## અટપટો માર્ગ:—

પૂ૦ આચાર્યશ્રી વિજયભુવનતિલકસૂરિજી મ.

એક મુસાફર હૈયાના અતુલ બલથી પ્રેરાઇ સીધો સણસણાટ ચાલતો હોય પણ એકાએક પાંચ–દશ રસ્તાઓ આવી જાય તો તે રસ્તાઓ તેની તીવ્રગતિને રોકે છે. કયે રસ્તે જવું ? કોણ રસ્તો બતાવશે ? એવા વિચારો તેના ઉત્સાહને ચૂરી નાંખે છે પણ નિપૂણ અને આત્મ–વિશ્વાસુ, એ ગૂંચ ભરેલા અટપટા માર્ગોમાંથી પણ પોતાનો માર્ગ શોધી લ્યે છે. સીધી ગતિને વિશેષ ઉત્તેજીત બનાવે છે. ધ્યેયને પહોંચવાની તક કે પ્રક્રિયા જતી કરતો નથી. મૂર્ખજનો ગૂંચમાં પડતાં પ્રયાસ, પ્રગતિ અને શ્રદ્ધાને છોડી, રસ્તાથી નીચે ઉતરી જાય છે. પાસેના ઉંડા ખાડામાં ધસી પડે છે, ભાન ભૂલે છે, અત્યારસુધી ચાલ્યો તેનો શ્રમ પણ નિષ્ફળતાના રૂપમાં ફેરવી નાંખે છે. નિરાશા અને ભય, અશ્રદ્ધા અને અવિવેક જેવાં ભૂતાવળો, અકારાં તત્ત્વોને સ્થાન આપે છે.

આ કાળ પંચમ છે. ડગલે ને પગલે શ્રદ્ધાના દેહને ભસ્મિભૂત કરનાર સાધનો, વિનાનોંતરે આવી મળે છે. માનવીના સંયોગો પણ કફોડા અને ભયભીત બનતા જાય છે. વ્યવહારનું ગાડલું હાંકવું કઠીન થઇ પડે છે. સમાજનાં બંધનો અને સમાજમાં સાચવવાની ઈજ્જત પણ ઘણાજ પ્રયાસથી સાધ્ય થઇ પડી છે. કુટુંબ, કુટુંબીઓનું પાલન, ભરણ–પોષણ કઠીનતાના રોડપર પસાર થઇ રહ્યું છે. લોકોની પ્રવાહ–મતિ પણ ટુંકી અને મલિનતાથી લચપચ થઇ રહી છે. ક્યાં, કોણ સાચો છે ? કોણ સાચું બતાવે છે, કોની સેવા કરવી, કોની નિશ્રામાં કલ્યાણ–તૃષ્ણા પાર થશે વિગેરે આન્દોલનો ભલભલાને પંથપતિત બનાવે છે. આવા કાલના સામ્રાજ્યમાં જીવનદોર અટૂટ રાખવો એતો કાચા સુતરના તાંતણે લાખ મણનો બોજો ઉઠાવવા જેવું કેમ ન મનાય ?

ધર્મ-શ્રદ્ધા, આત્મ-તત્ત્વ, અધ્યાત્મ-પ્રીતિ, ક્રીયા-રૂચિ વગેરે ઓઘ સંજ્ઞાથી માન્યતા મુજબ માનેજ જવું. પણ રહસ્યોનો નીચોડ કે મનનપૂર્વક નીતરેલા થરે બાઝેલું નવનીતતો વીરલોનેજ સાંપડે છે, એમ સ્પષ્ટ દેખાઈ આવે છે. આવી પરિસ્થિતિ હોવા છતાંય પણ દુર્જનોના તોપ–ગોળા તો કીલ્લેબંધી તોડે છે. કંઇક સહજ યોગે, કંઇક ગુરૂશ્રદ્ધાથી, કંઇક પુસ્તકોના અધ્યયનથી શ્રદ્ધાપર જામ્યું હોય તો.... પછી કેટલાક પ્રસંગો એક પછી એક એવા ઉદ્ભવે કે, તે શ્રદ્ધા થરને તોડી નાંખે છે.

કોઈ કહે છે કે, આ પંથ ખોટો માનો, કોઈ કહે છે કે, અમુકનો પંથ ઘેલછાઇથી ભરેલો, પ્રમાણોના સીક્કા વિનાનો અમાન્ય છે. તમે સાતમી નરકમાં જશો. જો મોક્ષમાં જવું હોય તો, આત્માની સાચી શુદ્ધિ મેળવવી હોય તો મને અને મ્હારા મતને મક્કમતાથી વળગી રહો. વક્તા આગમ–દર્શન વેત્તા જ્યારે શ્રોતા આગમનાં નામોથી પણ અપરિચિત હોય, હવે આ શ્રોતાઓનો અને વક્તાનો કેવો રંગ જામે ? અરે, પેટભરા કંગાલીયતના સીકસ્તો તો ત્યાંસુધી જનવર્ગને પાટા બંધાવે છે કે, ધ્યાન રાખો, તમારા ગામમાં, તમારી પાટ પર અમારા સિવાય કોઇને બેસવા ન દેતા. તમો તો શ્રેણિક જેવા અનન્ય ઉપાસક છો. જો જો ભૂલતા, પુરા સાવધ રહેજો. આવા ઝેરી ગ્યાસના પ્રચારકો બીચારા

અનેકોના શ્રદ્ધા–પ્રાણનો ઘાત કરે છે. હવે શ્રોતાઓ તો મધ્યસ્થ હોય છે. તેઓ આવી વાતો સાંભળી ધર્મસ્થાનને છોડી બેસે છે. સાધુ-ઓની પાસે જવામાંજ શું ફાયદો છે ? એમ માની બેસે છે.

મધ્યસ્થ બનીને શ્રાવકવર્ગે તો પ્રત્યેક ત્યાગી અને અધ્યાત્મ ઉપદેશક મુનિઓની નીશ્રાથી વંચિત નહિજ રહેવું જોઈએ. આત્મ-શુદ્ધિની સાચી તક હાથ આવતાં સાધકદશાને મેળવી લેવીજ જોઇએ. આ કાળમાં તો ઉપાધ્યાયજી મહારાજે સૂચવેલો બોધપાઠ યથાર્થતાને પામે છે. જ્યાં ને ત્યાં વિભિન્ન પંથો પ્રવર્તે છે. ડગલે ને પગલે બુદ્ધિમંતો પોતાના મતની સ્થાપનાને કુયુક્તિઓની જાલથી ગુંથીને હજારોના ભેજાંને હચમચાવી મૂકે છે. કોઈ તપસ્વી, કોઈ મહાજ્ઞાની, કોઇ અલૌકિક પુરૂષના પ્રભાવથી દેવતાઓ પણ સાનિધ્ય કરવા નથી આવતા. અને કોઇ એવો ચમત્કારી અતિશય પણ દેખાતો નથી તો આવા કાલમાં તો તેજ પુરા પુણ્યશાળી છે કે, જે દૃઢ–ધર્મી બનીને આત્મ–શુદ્ધિ જ સાધી રહેલ છે. પુણ્યવંત બનવા આત્મ–વિશ્વાસુ રહો. જેમ જેમ બાહ્ય ઉપાધિ ત્યાગાય તેમ તત્પર રહો, અને ઉચ્ચકલાની દશાના સાધક બનો. ભિન્ન ભિન્ન પંથો, મુસાફરોને ગુંચવણ ને મુંઝવણ ઉભી કરે છે.


## પુણ્ય ઉપાર્જન કરો !

### સિંધપ્રાંતના ઉમરકોટમાં ૫૦૦ વર્ષની પ્રાચીન પ્રતિમા નીકળી

**ઉમરકોટ [ સિંધ ] શ્રી જૈન સંઘ તરફથી શ્રી રૂપચંદ કપુરચંદ નિવેદન કરે છે કે, ઉમરકોટમાં તા. ૨૦ ઓગષ્ટ ૧૯૪૫ ના દિવસે કુવો ખોદતાં શ્રી સંભવનાથ ભગવાનની ૫૦૦ વર્ષની પ્રાચીન પ્રતિમાજી નીકળ્યાં છે. ઐતિહાસિક તપાસ કરતાં માલુમ પડયું છે કે, જે જગ્યાએથી પ્રતિમાજી નીકળ્યાં છે તે જગ્યાએ પ્રાચીન જૈન મંદિર હોવું જોઈએ.**

ઉમરકોટની એક વખત જાહોજલાલી હતી. જૈનોનાં ૨૫૦–૩૦૦ ઘર હતાં. આજે જૈનોનાં ફક્ત આઠ ઘર અને એક પ્રાચીન જિનાલય છે. જેનો જિર્ણોદ્ધાર કરાવવાની ખાસ જરૂર ઉભી થઈ છે, જિનાલય જિર્ણ હાલતમાં છે. હજારો રૂપીઆનો ખર્ચ છે.

સંઘે એક જિર્ણોદ્ધાર કમીટી નીમી છે. તેની દેખરેખ નીચે જિર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

**અમારા તરફથી જિર્ણોદ્ધાર કમીટીના મેમ્બર તથા શ્રી દેવન્દ્રસાગરજી આદિ ટીપને માટે બહાર નીકળ્યા છે. તો શ્રીમંત દાનવીર મહાશયો તન, મન અને ધનથી સહાયતા કરી પુણ્ય ઉપાર્જન કરશે. વિશેષ ખુલાસા માટે નીચેના કોઇ પણ સ્થળે પૂછાવો !**

| | | |
|---|---|---|
| સહાયતા મોકલવાનું ઠેકાણું– | નિવેદક | સહાયતા મોકલવાની બ્રાંચ ઓફીસ |
| **શેઠ ચુનિલાલજી ભૈરવદાસજી** | **શેઠ રૂપચંદ કપુરચંદ** | **શ્રી ચિંતામણલાલ ભણશાલી** |
| ઠે. ભાવરોંકા ચોક મુ **હાલા;** | **ઉમરકોટ [ સિંધ ]** | મુનીમ; **ચાંદભુવન પાલીતાણા.** |
| જિ, હૈદ્રાબાદ. N. W. Ry | | [ કાઠિઆવાડ ] |

# શત્રુંજયની ધરતી પર

**શ્રી સોમચંદ શાહ.**

[ લેખાંક ૨ જો ]

ગતાંકમાં શ્રી શત્રુંજયની ધરતી પર બનતા કેટલાક અવનવા બનાવોનું શબ્દાલેખન કર્યા પછી વિશેષ બનાવો ક્રમશઃ રજુ કરાય છે.

શ્રી સિદ્ધક્ષેત્રની પુણ્ય છાયામાં એક કરતાં વધુ સંસ્થાઓનો વાસો છે. લગભગ દરેક સંસ્થાના ફંડ ઉઘરાવનાર પગારદાર માણસો ધર્મશાળે–ધર્મશાળે ફરી ફંડ એકઠું કરવાનો પ્રયાસ, પ્રયત્ન કે પ્રચાર કરી રહ્યા હોય છે. કોઇ ઉજળા લુગડાંવાળો શ્રીમંત કે ઓળખીતો ભેટી જાય તો થેલીમાંથી પ્રચારનું પેમ્ફલેટ કાઢી મોઢા સામું ધરે અને નમ્ર શબ્દોમાં જણાવે કે,

"સાહેબ ! આ સંસ્થા ઘણાં વર્ષોથી ચાલે છે. સંસ્થાની આ જાતની કાર્યવાહી છે."

"બહુ સારૂં કાલે આવજો !"

"કાલે શું ટાઇમે આવીએ ?"

"ચારેક વાગે આવજો !"

બીજા દિવસે આપેલા ટાઈમને ચૂક્યા સિવાય બરાબર ટાઇમસર દાનવીર શેઠ પાસે પહોંચી જાય. અને રૂમ બહાર ઉભા રહીને પૂછે કે,

"શેઠ સાહેબ છે કે ?"

"હા છે, પણ હાલ આરામમાં છે, કલાક પછી આવજો !"

કલાક પછી ફરીને થેલી લઇને જાય ! રૂમ આગળ જઇને ઉભા રહે ત્યાં તો જવાબ મળે કે,

"શેઠ હમણાં જમવા બેઠા છે !"

"ત્યારે હવે ક્યારે આવીએ ?"

"ઉભા રહો શેઠને પૂછી જોઉં." શેઠ પાસેથી જવાબ મેળવીને કહે કે,

"આવતી કાલે સાંજના છ વાગે આવજો !"

સંસ્થાનો પગારદાર પગાર ખાય એટલે તેને તો ગમે તેટલા આંટા ખાઇને પણ દાનવીર પાસે દાન કરાવી સંસ્થાના ફંડની ઝોળીને તરતી રાખવાનું કાર્ય વફાદારીપણે બજાવવાનું જ રહે છે.

આવતી કાલના છ વાગે તે પહેલાં તો પાંચ મીનીટે શેઠ પાસે પહોંચી જાય. શેઠ સાહેબ જમી–કરી બેઠક રૂમમાં પાન–સોપારી ખાતા હોય ત્યાં જઇને વિવેક ભર્યા શબ્દોમાં કહે કે,

"જે, જે, શેઠ સાહેબ !"

"આવો ! શું છે ?"

થેલીમાંથી કે હાથમાં રહેલું પેમ્ફલેટ કે રીપોર્ટ શેઠના હાથમાં આપે. શેઠ બે–ત્રણ પાનાં ફેરવી જવાબ આપે કે,

"તમારો રીપોર્ટ મૂકી જાઓ. હું જોઇને પછી ઇચ્છા થશે તો નોંધાવીશ, અત્યારે તો ટાઇમ થઇ ગયો છે."

"પાછો ક્યારે આવું ?"

"હવે તમારે આવવાની જરૂર નથી. તમારૂં સીરનામું આપો. જો ભાવના થશે તો મારા માણસને મોકલીશ અથવા તો ઘેર જઇ ચેકથી નાણાં મોકલીશ."

ભાઈ સાહેબ સમજી ગયા કે શેઠની આપવાની ઇચ્છા મોળી છે પણ ઠીક છે, મહેનત કરવામાં આપણું શું જાય છે, એ રીતે મનને મનાવી, લાગ જોઈ ફરી શેઠની પાસે જાય.

"કેમ સાહેબ રીપોર્ટ વાંચ્યો ?"

"ભલા માણસ ! તમને કાલે કહી દીધું નહિ કે આપવાની ઇચ્છા હશે તો માણસને મોકલીશ !"

"આપ માણસ મોકલો એના કરતા હું જાતેજ આવ્યો છું તો જે આપવાની ઇચ્છા હોય તે નોંધાવો ! ફુલ નહિ તો ફુલની પાંખડી."

"બે રૂપીઆ લખો !"

"અરે શેઠ, આપના બે રૂપીઆ હોય ?"

"બસ, મારી ભાવના એ જ છે."

"અરે સાહેબ, સંસ્થાને હજારો રૂપીઆનો ખર્ચો છે એમાં આપ જેવા બે રૂપીઆ લખાવો તે ઠીક કહેવાય ?"

"ઠીક કહેવાય કે ન કહેવાય પણ હું કહું તે લખી લ્યો."

"પંદર રૂપીઆ તો લખાવો !"

"તમારા જેવા તો અહીં ઘણા આવે છે. લખવા હોય તો લખી લ્યો !"

"ઠીક ત્યારે શેઠ સાહેબ દશ રાખો."

"તમે કાંઇ સમજો છો કે નહિ કે હાલી જ નીકળ્યા છો."

"સાહેબ, સંસ્થા માટે પરાણે તમારી પાસે દાન કરાવવું પડે છે. કારણ કે સંસ્થાઓ આપ જેવા દાનવીરોથી જ ચાલે છે. તેમાં આપ બે રૂપીઆ લખાવો તો સંસ્થા કેમ ચાલે?"

"અહીં તો ઘણા શ્રીમંતો આવે છે."

"આવે છે ઘણા પણ બધા આપી જતા નથી."

પણ હવે એ મારે માથાકૂટ કરવી નથી. બે ને બદલે પાંચ લખો!

"પાંચ નહિ દશ રાખો. એટલું મારૂં માન રાખો."

"તમારૂં માન રાખીને જ બે ને બદલે પાંચ લખાવું છું. બાકી મારી ઇચ્છા તો આવી સંસ્થાઓમાં એક રાતી પાઇ પણ આપવાની હતી નહિ. આ તો તમે પાછળ પડયા છો એટલે લખાવું છું."

"કેમ સાહેબ! સંસ્થા પરોપકારનું કામ નથી કરતી?"

"પરોપકાર કે બીન પરોપકારની ફિલસુફીમાં નથી ઉતરવું. આવી સંસ્થાઓ સમાજનું શું ભલું કરે છે?

"આપ સાહેબ એક વખત સંસ્થામાં પધારી સંસ્થાનું રેકર્ડ તપાસો. આજ સુધીમાં સંસ્થાએ કેટલું કામ કર્યું છે તેનો ખ્યાલ આવશે."

"બસ, તમારૂં લાંબુ–ચોડું ભાષણ બંધ રાખી પાંચ રૂપીઆ લખી લ્યો,"

"દશ લખાવ્યા હોત તો ઠીક હતું."

"ઠીક છે, જોઇશું." શેઠનો જવાબ સાંભળી રૂા. પાંચની પહોંચ ફાડી આપી અને નોટને ખીસામાં નાખી જ્યાં ધર્મશાળા બહાર નીકળે છે ત્યાં તો બીજી સંસ્થાની ઝોળીને લઈ ફરનાર ભાઈ સામા મળે છે. અને પૂછે કે,

"શું આપ્યું?"

"માંડ પાંચ રૂપીઆ લખાવ્યા!"

"કઈ ઓરડીમાં ઉતર્યા છે?"

"ડાબા હાથની ત્રીજી ઓરડીમાં"

"શેઠ ઠીક છે ને?"

"એ તો તું તેમની પાસે જઇશ એટલે ખબર પડશે."

લાવ, જાઉં તો ખરો! આપે તો ઠીક, એમ સમજી શેઠની ઓરડીએ જઈ શેઠને જોતાં બે હાથ જોડી વિવેક કર્યો પછી સંસ્થાનો રીપોર્ટ અને પેમ્ફ્લેટ આપ્યું. શેઠે હાથમાં તો લીધું પણ ઘૃણાના શબ્દોમાં બોલ્યા કે,

"આવા તમે કેટલાક છો? એક પછી એક ચાલ્યા જ આવો છો."

"શું કરીએ સાહેબ! મોંઘવારી સીતમ છે. સંસ્થામાં ખોટ મોટી પડતી જાય છે. એટલે આપ જેવા શ્રીમંતો પાસે આવ્યા વિના છૂટકો નથી."

"પણ જ્યારથી પાલીતાણામાં પગ મૂકીએ છીએ ત્યારથી એક પછી એક સંસ્થાવાળા આવી આ કેળવણીનું ખાતું છે, આ પાંજરાપોળનું ખાતું છે, આ દવાખાનાનું ખાતું છે, આ સરાકજાતિનું ખાતું છે, આ જિર્ણોદ્ધાર ખાતું છે. એમ કહી-કહીને માથું ખાઇ જાય છે."

"આપની ભાવના હોય તે લખાવો."

ભાવના હોય તો લખાવું ને?

"એમ થાય સાહેબ!"

"પાલીતાણામાં તમારા જેવા કેટલા ખાતાવાળા છે?"

"શેઠ સાહેબ ૧૨ થી ૧૪ હશે."

"શું અહીં ૧૨ થી ૧૪ સંસ્થાઓ છે?"

"ના સાહેબ, બહાર ગામ સંસ્થાઓ હોય તેની બ્રાંચ ઓફીસ અહીં ખોલી ફંડ ભેગું કરવામાં આવતું હોય એવીયે કેટલીક સંસ્થાઓ છે."

"એમ કરવાનું શું કારણ?"

"અહીં દેશોદેશના યાત્રાળુઓ આવે અને તે સહેજે બે પૈસા વાપરવા આવ્યા હોય એટલે ફંડ ભેગું સારી રીતે થઇ શકે."

"સંસ્થાવાળાઓએ પણ વાણીયા બુદ્ધિ ઠીક વાપરી છે."

"તેમ ન કરે તો આજે સંસ્થાના ખર્ચા કેમ ચાલે"

"પણ આથી તો સંસ્થાનું મહત્ત્વ ઘટે છે."

" આપનું કહેવું બરાબર છે. આજે આપનાર કે લેનારને રસ રહ્યો નથી. આપનારને ભાવના ન હોય છતાં પરાણે ભાવના કરાવી કે શરમાવી બે-પાંચ રૂપીઆ આપવાની ખેંચતાણ કરવામાં આવે અને આપે પણ ખરા પણ એથી તો સંસ્થા ઉપર રૂચીને બદલે અરૂચી ભાવ પેદા થાય છે. અને ઉપરથી અપમાનના બે-પાંચ શબ્દો અમારે સાંભળવા પડે છે."

" પણ આથી તો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની આવકમાં ધક્કો પહોંચવા સંભવ છે. કારણ કે યાત્રાળુ મર્યાદિત રકમ વાપરવા આવ્યો હોય છે. અને તે રકમ આમ ખાતાવાળાઓ જ ખેંચી જાય તો શેઠ આ. ક. ની પેઢીમાં શું ભરાવે?"

" ભરાવનારા તો જ્યાં ઠીક લાગે ત્યાં બધે ભરાવે છે. બાકી અમે તો ધર્મશાળાએ-ધર્મશાળાએ ફરી સુકૃતમાં વાપરવાની ટેલ પાડીએ છીએ."

" તમે ટેલપાડો વા ન પાડો. પણ જેને વાપરવા છે તેઓ તો ઘેર બેઠાં આપી જશે બાકી આથી તો આપનારની ભાવના ઘટશે, એટલું જ નહિ પણ સંસ્થાઓ પ્રત્યે ધૃણાની નજરે જોશે."

" પણ ઘેર બેઠાં તો કોઇ આપવા આવતું નથી."

" સંસ્થાના કાર્યની સુવાસ જ જો ચોમેર પ્રસરશે તો દાનવીરો જરૂર દાન કરતાં થશે."

" ઠીક સાહેબ, પણ હવે આપની ઇચ્છા હોય તે લખાવો!"

" આજે નહિ, આવતી કાલે સાંજે આવજો!"

" બહુ સારૂં શેઠ સાહેબ!"

બીજા દિવસની સાંજ પડતાં પહેલાં શેઠ તો સવારની ટ્રેઇનમાં રફુચક થઇ ગયા. પેલા ભાઈ સાંજે ધર્મશાળાની ઓરડીએ ગયા પણ નિરાશ વદને પાછા ફર્યા.

### ....જરૂરી....

**ગયા વર્ષના જુના અંકો આપની પાસે હોય તો કલ્યાણ પ્રકાશન મંદિર પાલીતાણા એ સીરનામે મોકલો.**


# સદ્ધરતા

**ગ્રેશમ જીંદગીના વિમા કંપનીને સ્થપાયે લગભગ એક સદી, અને હિંદમાં કામ શરૂ કર્યે લગભગ અડધી સદી થઇ. આ લાંબા સમયના નિકટ પરિચયથી ગ્રેશમ ન્હાના-મ્હોટા તમામ પોલીસી ધરાવનારાઓના વર્તમાન તથા ભાવી હિતનો સંપૂર્ણ અભ્યાસ કરી શકી છે.**

**કુલ અસ્કયામતઃ—**

**રૂા. ૧૫,૦૦,૦૦,૦૦૦**

**વાર્ષિક આવકઃ— લગભગ**

**રૂા. ૨,૦૦,૦૦,૦૦૦**

# ગ્રેશમ

## જીંદગીના વીમા ઉતારનારી સોસાયટી લી.

**સ્થપાઇ સને ૧૮૪૮ માં**

હિંદ, બર્મા અને સીલોન માટેની

વડી ઓફીસ—

ગ્રેશમ ઇન્સ્યુરન્સ હાઉસ,

સરફીરોજશાહ મહેતા રોડ–મુંબઇ.

| | |
|---|---|
| **નરહરિ એમ. ઓઝા** | **ડી. એસ. સુરતી** |
| ઓરગેનાઇઝર | ડીસ્ટ્રીકટ મેનેજર |
| **પાલીતાણા.** | પો. બો. નં. ૬૦ |
| [કાઠીઆવાડ] | ભદ્ર, **અમદાવાદ.** |

# આપણું આધુનિક જીવન:

શ્રી સેવંતીલાલ મસાલીઆ

આ કળીયુગના જમાનામાં ધર્મનું પાલન કરવું બહુ મુશ્કેલ છે. વિજ્ઞાનનો જમાનો એટલો બધો આગળ વધી રહ્યો છે કે, તેની સંહારલીલા ક્યારે પુરી કરશે તેની કોઇને ખબર નથી. આપણે જમાનાને અનુ-લક્ષીને દરેક વસ્તુનો ઉપભોગ કરતા જઈએ છીએ પણ પાછળ ખ્યાલ રાખતા નથી કે તેનું પરિણામ શું આવશે?

આપણે રોજની ઉપયોગની વસ્તુઓમાં જોઈએ તો આપણને જરૂર ખ્યાલ આવશે કે, આની પાછળ કેટલી જીવહિંસા થઇ રહી છે. જો આપણે તે વસ્તુને સમજીએ તો તેની પાછળ થઇ રહેલી જીવહિંસાનો જરૂર ખ્યાલ આવશે.

હવે તો આપણે આપણા બાથરૂમો, મોરી તથા ભીંતો સાફ કરવા ડી. ટી. ટી. પાવડર વાપરીએ છીએ અને તેના ઉપયોગથી સઘળા જીવોનો નાશ થાય છે અને આપણે આપણા ઘરમાં મચ્છર તથા માંકડનો ત્રાસ ઓછો કરવા ફ્લીટનો ઉપયોગ કરીએ છીએ પણ તે વખતે તો સઘળા માંકડ તથા મચ્છરોનો એકદમ વિનાશ થઈ જાય છે પછી આપણે માનીએ છીએ કે, હવે તેનો ત્રાસ નહી થાય પણ જ્યારે પાછા થાય ત્યારે પણ પાછો આપણે ફ્લીટનો ઉપયોગ કરીએ છીએ અને જાણે આપણે એક જીવહિંસા કરવાનો સંચો ન રાખ્યો હોય એ રીતે આપણા હાથે જીવ-હિંસા કરી રહ્યા છીએ. આપણે કોણ? જૈન અને અહિંસાવાદી અને આપણા ઘરમાં આવી વસ્તુઓ શોભે? આપણે અત્યારે સુધારા પછ-વાડે દીવાના બની રહ્યા છીએ અને આપણે જ આપણા પગ ઉપર કુહાડો મારી રહ્યા છીએ સાધુ મુનિરાજોઓએ પણ આ બાબતમાં ખાસ ઉપદેશ આપવાની જરૂર છે. આપણે આપણા સ્વાર્થ ખાતર જાણી જોઇને હજારો બલ્કે લાખો જીવોનો સંહાર કરી રહ્યા છીએ. ડગલે ને પગલે જીવો હણાય છે, પણ જેટલી જયણા પળાય તેટલી સારી છે. જયણા આજે જૈનોના ઘરમાં પણ ઓછી થતી જાય છે.

બીજું; આપણે દાંત સાફ કરવા રોજ "ટુથબ્રશ" વાપરીએ છીએ, તે મોટે ભાગે તો હાડકાના હાથાનું બનાવેલું હોય છે, અને તેના વાળ પણ પ્રાણીઓના વાળમાંથી બનાવેલ હોય છે, આપણને તે વિના ચાલી શકે છે છતાં જાણી જોઇને હિંસા કરનારને સહાય-ભુત થતા હોઈએ છીએ અને મોઢામાં પણ એ વસ્તુ દાખલ થતી જાય છે એટલે આપણે બાવળના દાંતણને છોડી દઈ નકલી વસ્તુઓને સ્થાન આપતા જઇએ છીએ.

ત્રીજી એક વસ્તુ મોટા શહેરોમાં ઈરા-નીની હોટલો હોય છે અને તેમાં સઘળી કોમના માણસો આવે છે. અને ત્યાં ખરી રીતે તો ત્યાં હિંદુઓને વટલાવવાની એક ચાલબાજી છે, અને તેમાં આપણા જૈન ભાઈઓ પણ જાય છે, તેઓ એમ કહે છે કે; હિંદુ હોટલો ગંદી હોય છે, અને ઇરાની હોટલો સ્વચ્છ હોય છે પણ તેઓને ભાન નથી હોતું કે તેજ હોટ-લમાં માંસ ખાનાર તથા દારૂડીયા આવે છે અને હોટલમાં માંસખાનાર માટે માંસ પણ રંધાય છે, અને જે પ્લેટમાં તેઓને અપાય છે તેજ પ્લેટમાંજ આપણને જ ખાવા આપે છે. બીજાની દેખાદેખીથી આપણા ભાઈઓ આમલેટ, પાપલેટ પણ ખાવાનો શોખ કરે છે તે ખરેખર શોચનીય વસ્તુ છે. ઉપરની વસ્તુઓ વાચક જો ધ્યાનમાં લેશે અને ઉંડો વિચાર કરશે તો પોતાને ભૂલ દેખાશે અને પોતાને પસ્તાવો પણ થશે. જીવનમાં ખાસ નિરોગી રહેવું હોય અને ધર્મભ્રષ્ટતાથી બચવું હોય તો હોટલો અને રેસ્ટોરાંને નવગજના નમસ્કાર કરતાં શીખજો.

# 'હું કાકા ને કીકાભાઈ'

**શ્રી ચાણક્ય**

**પરોઢ થયું**, મુંબઇના વાતાવરણમાં ગરમી આવવા માંડી, ને તરતજ અમારા મફતકાકા દાદરા ખખડાવતા મારી ઓરડીના આંગણે આવીને ઉભા. હું મારા મફાકાકાને વર્ષોથી ઓળખું છું, એઓ મારા વડીલ મુરબ્બી છે; પણ એમનો ભડભડીયો સ્વભાવ મારા કોઠે પડી ગયો છે, તેથી હું અકળાતો નથી. છાશવારે ને છાશવારે એમની કાંઇને કાંઇ મૂંઝવણ મારી આગળ હોયજ, જ્યારે તેઓ મારી પાસે આવી પેટછૂટી વાતો કરી એમનો બફારો બહાર કાઢે ત્યારે જ તેમને ચેન પડે. આજે પણ તેમના હૈયામાં કાંઇ ડચુરો ભરાયો હશે, એટલે સ્હવારના પરોઢીયે અચાનક એઓ મારી મુલાકાતે આવ્યા. ચ્હાનો કપ બાજૂયે મૂકી, મેં એમનું સ્વાગત કર્યું, પણ તેઓ ભારે અકળામણમાં હોવાથી મારા સ્વાગતનો જવાબ આપ્યા વિના એકદમ સીધા જ ખુરશી પર બેસી ગયા. દાદરા ચઢીને આવ્યા હોવાથી થોડીવાર થંભીને તેઓએ પોતાનું ભાષણ ચલાવ્યું.

'એલા! મગન, તું કઈ દુનીયામાં જીવે છે? અકરમી! તને ખબર છે? હમણાં હમણાં આપણો સમાજ કેટલો બધો જાગૃત થયો છે! તેની કાંઇ તને સૂઝ પડે છે? જો પાલીતાણાખાતે આપણા જૈનસ્વયંસેવક મંડળનું બીજું અધિવેશન મલ્યું! વડોદરા ખાતે આપણી કોન્ફરન્સની મહાસમીતિ મલી, જો તો ખરો! શું થઈ રહ્યું છે! હવે આપણા જાગૃત સમાજનો થોડા દિ'માં ઉદ્ધાર થઇ જશે ઉદ્ધાર! ને તું ને હું આમને આમ ડાચા ફાડતા રહી જઇશું સ્હમજ્યોને?'

બોલતાં–બોલતાં કાકાને તાન ચઢી આવ્યું ને જાણે ભારે પૌરૂષ ઉભરાઇ આવ્યું હોય તેમ એકદમ તેઓએ હાથને ટેબલ પર પછાડયો.

મારાથી ન રહેવાયું, હું બોલી ઉઠયો; 'વારૂ કાકા! આ લોકોએ સંમેલન ભરીને કર્યું શું? આમ લાંબા લાંબા ઠરાવો કરીને, બે-ચાર દિવસનો રંજન કાર્યક્રમ પૂરો કરી વિખેરાઇ જવું,' એમાં જો ઉન્નતિ કે જાગૃતિ કહેવાતી હોય તો આજે કયો સમાજ ઉંઘતો પડયો છે? આજની દુનિયાને કાર્ય જોઇએ છે, ખુરશી પર કે પ્લેટફોર્મના તખ્તા પર બેસી મ્હોટા ભાષણો કરી, લાંબા લાંબા ઠરાવોની હારમાળા કાગળ પર ગોઠવી એકબીજાની પ્રશંસા કરી, કે છાપાઓમાં સમાજના પૈસે ભાડુતી વાહ વાહ પોકારાવવી એ કાંઇ સમાજઉદ્ધારનો સાચો માર્ગ નથી.

હું આગળ બોલવા જાઉં છું એટલામાં તો જાણે માથા પર ગરમી ચઢી આવી હોય તેમ લમણે હાથ દઇ, મારા કહેવાના ભાવને સ્હમજ્યા વિના મફાકાકા તરતજ બબડી ઉઠયા; 'વાહ શાણા વાહ! તું જ એકલો દુનીયામાં ડાહ્યો છે? શું આ બધા પરિષદો ભરનારા, ઠરાવો કરનારા ને બે–ચાર દિ'નો ભભકો ઉભો કરવા પાછળ હજારોનો ખર્ચો કરનારા ગાંડા ને તું જ એકલો અક્કલવાળો એમ ને?'

'ના! કાકા, એમ કહેવાનો મારો આશય નથી. પણ જ્યારે સંપ, સંગઠ્ઠન તથા પરસ્પરના સહકાર તેમજ શુભેચ્છાની લાગણીપૂર્વક, સ્વાર્થત્યાગી તથા કર્તવ્યનિષ્ઠ સમાજ–સેવકો કાર્ય કરવા તૈયાર થશે ત્યારે જરૂર સમાજનો ઉદ્ધાર થશે. આ સિવાય આવા એક બે શું પણ એક હજાર ને આઠ સંમેલનો, પરિષદો કે અધિવેશનો ભરાશે તો પણ જૈન સમાજનો ઉદ્ધાર શકય નથી.

કાકા અને મારી વચ્ચેનો આ શાસ્ત્રાર્થ આમ લાંબો ચાલત પણ એટલામાં મારી પાડોશમાં રહેતા મારા ભાઇબંધ કીકાભાઇ મારા દીવાનખાનામાં વગર રજાયે પ્રવેસ્યા ને તેઓએ અમારા બન્નેની વચ્ચે ચાલતી આ ચર્ચામાં ભાગ લેવાનું નકકી કર્યું.

કીકાભાઈ, જો કે આમ મારા કરતાં વયમાં વડીલ છે, જમાનાના ખાધેલ અને મગજના ફરેલ છે; પણ વિચારક ને સહૃદયી સજ્જન છે, એટલે મફાકાકાની જેમ ફેંકે રાખવાની નીતિના તેઓ વિરોધી છે. સમાજના ધાર્મિક, આર્થિક તેમજ સામાજિક દરેકે દરેક પ્રશ્નોમાં તેઓને સ્વાભાવિક રસ છે.

સમાજ ઉદ્ધારના આ પ્રશ્નમાં તેમણે પણ ઝૂકાવ્યું. અમને બન્નેને સ્હમજાવવાની વધુ પડતી આશાથી તેઓએ જણાવ્યું; 'જુઓ! મારો મત તો એ છે કે, જૈન–સમાજનો ઉદ્ધાર ત્યારે જ થાય કે, જ્યારે સમાજનાયકો, ઉદાર અને દીર્ઘદૃષ્ટિ ધરાવનારા બને,

તેમજ વ્યાપારી નીતિ–રીતિ ત્યજી સરળ, નમ્ર અને કાર્યકર બનવામાં રસ ધરાવનારા જો તેઓ હોય તો આજે ને આજે આપણા જૈન સમાજનો ઉદ્ધાર છે.

હું ને કાકા, ફીકાભાઇની આ વાતમાં ડોકું ધૂણાવીને હાજી હા કરતા રહ્યા. મને તો ફીકાભાઇના વિચારોમાં પહેલેથી રસ છે, પણ કાકા કોણ જાણે શાથી હા પાડતા હશે ? તેની મને સ્હમજ પડી નહિ.

'બાકી આપણા વ્યાપારી ભાઇઓને માનપાન મેળવવા હોય અને લોકમાન્ય બનવાના કોડ હોય કે લક્ષ્મી ખર્ચીને આવા પરિષદોના ઠઠારાથી દુનીયાને આંજી નાંખવાની મહત્વાકાંક્ષા હોય તો એથી કાંઇ સમાજ ઉદ્ધાર નથી થવાનો ' કાકાથી હવે ન રહેવાયું, કાંઇક ઉતાવળા થઇ તેઓએ કહી નાંખ્યું, 'વાહ ત્યારે આ બધા લોકો બસ ખોટા ને ધાંધલીયા ! જ્યારે તમે બધા ડાહ્યા એમજને ! જાઓ, જાઓ, જમાનાના પવનને ઓળખતાં શીખો, ફીકાભાઇ ! વાત તો બધાંને કરતાં આવડે છે; બાકી જમાનો બદલાતો જાય છે. બેલગાડીનો જૂનો જમાનો ગયો, હવે તો વિજળીવેગ ને અણુબોમ્બનો જમાનો આવ્યો એની તમને ખબર છે ને ? '

'કાકા ! આ બધી અમને ખબર છે. અમે પણ ચાલુ જમાનામાંજ જીવીએ છીએ, પણ વિજળીના જેવું ક્ષણજીવી કે આંજી નાંખનારૂં કાર્ય કરવાનો જમાનો આ નથી, કે અણુબોમ્બની જેમ ઝપાટાભેર સંહારલીલા ઉભી કરવાનો આ જમાનો નથી. સમજ્યાને ? જમાનો તો આજે એ માંગે છે કે, સંગીન, વ્યવસ્થિત તેમજ શિસ્તપૂર્વક સેવાનું કાર્ય શરૂ કરો, સમાજની સેવાના સાચાં સ્વપ્ના જેઓ સેવી રહ્યા છે તેમણે, સૌ પહેલાં નમ્ર, સરળ ને સ્વાર્થત્યાગી બનવું પડશે. શાસ્ત્ર, દેવ કે ગુરૂનું બહુમાન હૃદયે ધરવું પડશે ને 'ધર્મવિરોધી કોઇપણ કાર્યમાં અમારી સહાય નહિ રહે' તે પ્રતિજ્ઞા સ્વીકારવી પડશે તો જ જૈનસમાજનો સાચો ઉદ્ધાર તે સ્વયંસેવકોદ્વારા થઇ શકશે. '

મફાકાકા હવે ઠંડા પડયા. ચર્ચા સમેટી લેતાં પહેલાં હજુ એમના ગળે ભરાઇ રહેલો ડચુરો ખાલી કરતાં કરતાં એમણે ફરી કહેવા માંડયું; બધી વાત સાચી, પણ આપણી કોન્ફરન્સ તો શુભનિષ્ઠાથી સમાજની સેવા કરવાનું કાર્ય કરી રહી છે તેના માટે તમારો શું અભિપ્રાય છે ? શું બધાને તમે એકજ લાકડીયે હાંકવાનું કામ રાખ્યું છે કે કાંઇક સારા–નરસાનો ભેદ પારખતા શીખશો !

મારે ચર્ચામાં ઝૂકી પડવાનો આ શુભ અવસર હતો. મફાકાકાના પ્રશ્નનો જવાબ આપવાની ઉતાવળમાં મેં શરૂ કરી દીધું. 'કાકા ! સાચું કહું, ફીકાભાઇનો વિચાર ગમેતે હોય, પણ આ બાબતમાં મારો જવાબ તમારે સાંભળવો હોય તો ખોટું લગાડશો નહિ, બાકી ખરી વાત કહેવામાં ખાર છે એ હું સારીરીતે જાણું છું; તોપણ મારે સાચુંતો કહેવું જ રહ્યું, જ્યારે તમે કોન્ફરન્સને અંગે પૂછો છો તો હું સાફ શબ્દોમાં કહીશ કે, 'કોન્ફરન્સ મહાદેવી આજે સમાજથી ઉપેક્ષિત જેવી સ્થિતિમાં છે. સમાજના ઉદ્ધારની સક્રિય યોજના આજે એની પાસે છે ક્યાં ? કેવળ લક્ષ્મીનંદનોની લાડીલી કન્યાની જેમ આજે એ નિષ્ક્રિય સ્થિતિમાં મૂકાઇ ગઇ છે. સાચા ને શ્રદ્ધાળુ કાર્યકરો આજે આપણી એ કોન્ફરન્સ દેવીને મળ્યા નથી. ધર્મશ્રદ્ધાળુ, આસ્તિક તેમ જ સંસ્કારી વર્ગના ખોફને લાયક ઠરેલી એ દેવીની દશા આજે રાંક બની ગઇ છે. અર્ધદગ્ધ વ્યાપારી લોકોએ આગળ આવવાને માટે કોન્ફરન્સદેવીનું શરણું લીધું છે. જ્યારે સુધારક કહેવાતા ધર્મવિમુખ રહેવામાં માનનારા લોકોએ આ સંસ્થાનો કબ્જો સર કર્યો છે. એટલે કોન્ફરન્સ આજે જૈનસમાજની, આમજનતાની દૃષ્ટિયે મૃતપ્રાયઃ દશામાં મૂકાઇ ગઇ છે." પણ ફીકાભાઇ તો મારા કરતાં વધારે અનુભવી ને પીઢ રહ્યા; એટલે મારા કહેવામાં કાંઇક અધુરૂં રહી જતું હોય એથી એમણે ચાલુ ચર્ચાને બીજી દિશામાં વાળતાં વચમાં પોતાનું ચલાવ્યું; 'મફાભાઇ ! શું કરીયે આપણું કાંઇ ચાલતું નથી. બાકી, આટલા શ્રીમંતો, આટઆટલા કેળવણી પામેલા શિક્ષિતો, ડૉકટરો, વકીલો, વ્યાપારીઓ ને આટઆટલા સાધન સંપન્નો આપણા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસમાજમાં હોવાછતાં, આપણો સમાજ આજના વિદ્યુદ્વેગી યુગમાં દિન–પરદિન પાછળ પડતો જાય છે; આનું કારણ

શું હશે? ધાર્મિક, સામાજિક કે આર્થિક દરેક દૃષ્ટિયે આપણા સમાજે પીછેહઠ કરવા માંડી છે, આનું કારણ તમને કાંઇ સ્હમજાય છે ? આ બધું આજે વિચારવા જેવું છે. અરે ! આટલા મહાનજ્ઞાની, સમર્થ વિદ્વાન જૈનાચાર્યો, ધર્મધુરંધર ત્યાગી સાધુ-સાધ્વીવર્ગ આવી ઉત્તમ સંપત્તિનો ખજાનો, આપણા જૈનસમાજને મળ્યો છે છતાં આપણે વાસ્તવિક પ્રગતિ કરી શકતા નથી તેનું કાંઇ કારણ જણાય છે ? કેમ મગનલાલ, તમને આમાં શું જણાય છે ? '

છેવટે કીકાભાઇએ મારી સ્હામે આ પ્રશ્ન મૂકયો. મારૂં જુવાન લોહી હવે હાથમાં ન રહ્યું. સાચી હકીકત કહી દેવાનો આ મોકો છે એમ મને લાગતાં મેં મારી ભાષામાં તડ ને ફડ કહી દેવાનું નક્કી કર્યું, ને કીકાભાઇના આ પ્રશ્નના જવાબમાં મેં જણાવ્યું, ' કીકાભાઇ ! જ્યારે તમે મને પૂછો છો તો હું આનો જવાબ સીધા શબ્દોમાં જણાવી દઇશ કે, માનદશાયે આપણા સમાજના દરેકે દરેક વર્ગમાં ઘર કર્યું છે. સાધુસમાજ કે શ્રાવકવર્ગ બન્નેમાં આજે મહત્વાકાંક્ષાએ જોર પકડયું છે. એટલે આજે આપણા સમાજમાં બાર ભૈયા ને બાવીસ ચોકા જેવી દશા છે. સંપ, સંગઠન, પરસ્પરનો સહકાર, કે ભાઇચારાની શુભ લાગણી તેમજ પ્રેમ, નિખાલસ વૃત્તિ, ઉદાર દૃષ્ટિ કે વિશાલ હૃદય, આ બધું આજે આપણા સમાજમાં કયાં દેખાય છે? સૌને મહાન કહેવડાવવું છે, પણ મહાન બનવાની શક્તિ કેળવવી નથી. એટલે વિચારભેદ, મનોભેદ, ઝઘડા, બખેડા, પક્ષાપક્ષી ઈત્યાદિ અનિષ્ટો આપણા સમાજમાં વધુ વ્યાપક બનતા જાય છે. દરેકને પોતાનું મહત્વ વધારવાની પડી છે, પણ સમાજ-શાસનનું મહત્ત્વ-ગૌરવ વધારવાની ચિંતા લગભગ નાશ પામી છે.

એટલે આપણો જૈન-સમાજ કઇ રીતે પ્રગતિ સાધી શકે ! જેનો નાયક આંધળો તેનું કટક કૂવામાં જેવી અરાજક સ્થિતિ વચ્ચે આજનો સમાજ પસાર થઇ રહ્યો છે. માટે બોડી બામણીના ખેતરની જેમ આપણા સમાજની વર્તમાન પરિસ્થિતિનો લાભ લઈ દરેકે દરેક ઈતર સમાજના માણસો કે આપણા સમાજના ગણાતા અશ્રદ્ધાળુ, અજ્ઞાન લોકો, આપણા દેવ, ગુરૂ કે શાસ્ત્ર વચનોની સ્હામે ચેડા કાઢવાનું પાપ કરી રહ્યા છે.

માનાભિલાષા, મોટા કહેવડાવવાની ભૂખ કે લોકસંજ્ઞા–લોકૈષણાનું અનિષ્ટ જ્યારે, જૈનસમાજના આગેવાનોના હૃદયમાંથી ખસી જશે, તેમ જ શાસન સમાજના ભલામાં અમારૂં હિત, એની પ્રભાવનામાં અમારૂં ગૌરવ આ આત્મશ્રદ્ધા આપણા શ્રીમંતો, શિક્ષિતો કે સાધન–સંપન્નોના અંતરમાં જાગૃત થશે ને જૈનત્વનું શિસ્ત તેઓના જીવનમાં આવશે, વળી સમાજના ગૌરવની ખાતર તેમ જ જૈનશાસનની મહત્તા ખાતર, તન, મન અને ધન ફના કરવાની સાચી તમન્ના જૈનસમાજના એકે એક સપૂત જૈનના હૃદયમાં પ્રગટશે, તો સમાજનો ઉદ્ધાર હાથવેંતમાં છે.

મારૂં કહેવું અધૂરૂં હોય તેમ, મફાકાકા વચ્ચે બોલી ઉઠયા; પણ આપણા સાધુ સમાજમાં સંગઠન નથી તેનું કેમ ? શ્રાવકવર્ગને દોરવણી આપનાર તો જૈન સાધુસંસ્થાજ છેને ? એમનામાં આટલા બધા તડા, ધડા ને બખેડા છે એમાં કાંઇ સુધારો કેમ થતો નથી ? સાધુઓને શું વ્હેંચી લેવું છે કે ? એ લોકો આટલા બધા ઝઘડી રહ્યા છે ? મને આમાં કંઇ સ્હમજાતું નથી, આત્મશાસનનું ને આપણા જૈનસમાજનું શું થવા બેઠું છે ?

મફાકાકાનો સ્વભાવ ઉતાવળીયો અને ભડભડીયો છે. બોલવા બેઠા એટલે એમની જીભ અટકે જ નહિ. એમની સરસ્વતીને મર્યાદા જ નહિ એટલે એમણે પોતાના પેટનો ઉભરો, આજે પ્રસંગ પામીને અમારી આગળ આમ ઠાલવી નાંખ્યો. હું અને કીકાભાઇ, કાકાની આ વાણી સાંભળી રહ્યા. મારો વિચાર જવાબ આપવાનો હતો એટલામાં ઘરમાંથી અવાજ આવ્યો; 'પાણી ઠંડુ થઈ રહ્યું છે. જલ્દી નાહી લ્યો, હવે મોડું થાય છે. ' એ સાંભળીને હું ખુરશી પરથી ઊઠયો. 'લ્યો ત્યારે અમે જઇશું', આ વિષે કોઇક અવસરે ફરી આપણે બધા ભેગા મળીને વિચાર કરીશું. ' આમ કહીને મફાકાકા, અને કીકાભાઇ બંને વિદાય થયા.

[ હું કાકા ને કીકાભાઇ આ ત્રણની મંડલી ફરી અધૂરી રહેલી આ ચર્ચાનો ઉકેલ કરવા કયારે મલે છે ? ને શું વિચારો જાહેર કરે છે ? એ વિષેનો વધુ રસિક અહેવાલ આગામી અંકમાં ].

# કથા-વાર્તા

## વિનાશનાં તાંડવ

—શ્રી પ્રદીપ

### સુધારક જગદીશનો સ્વેચ્છાચાર

જગદીશ આમ પહેલેથી સુધારક વિચારનો હતો. શ્રીમંત પિતાના લાડમાં ઉછરેલો હોવાથી તેને દુઃખનાં સ્વપ્ન પણ જોવાનો અવસર ન હતો આવ્યો. ધર્મના સંસ્કાર સીંચનાર નહિ હોવાને અંગે એને ધર્મ પ્રત્યે સદ્દભાવ જેવું કાંઈ હતું નહિ. જગદીશ કાંઈક સમજણો ને ઉંમરલાયક થયો; એટલામાં તેના પિતા ગોકુળભાઇ મૃત્યુ પામ્યા. એટલે ગોકુળભાઈ રામચંદની પેઢીનો કર્તા-કારવતા જગદીશ થયો.

ગોકુળભાઇ અને જગદીશની મા પરશનબેન આ બન્નેની વચ્ચે સંસ્કારોની દૃષ્ટિયે આભ-જમીનનું અંતર હતું. પરશન કાકીને સ્હેજે ધર્મ પ્રત્યે પૂર્ણ આદરભાવ હતો. પૂજા, સામાયિક, વ્રત, પચ્ચક્ખાણ ઇત્યાદિ ક્રિયાકાંડોમાં જગદીશની માને પ્રેમ હતો. પણ જગદીશમાં આ સંસ્કારોમાંનું કશું ન હતું, કોકવાર આ વિષે પરશન કાકીને અવશ્ય લાગી આવતું.

પણ પરશન કાકીને એક વાતનું સુખ હતું, જગદીશની સ્ત્રી સરલા સંસ્કારસંપન્ન તેમજ ધર્મશ્રદ્ધાવાસિત હતી. સરલાના સ્વભાવથી પરશન કાકીને દરેક રીતે સંતોષ હતો. દરરોજ વ્રત, તપ ને ક્રિયાકાંડમાં સરલા પોતાના સાસુજીને દરેક પ્રકારે સહાયક બનતી. જગદીશની આ પોતાની વહુ સરલાને વ્હાલી ને લાડકવાઇ દીકરીની જેમ માનતાં. જ્યારે સરલા, પરશન કાકીને સગી માની જેમ પૂજતી. વીરપુરના વિલાસી વાતાવરણમાં જગદીશનું જીવન દિવસે-દિવસે ખૂબજ અસંયમી બનતું જતું. જગદીશનો મિત્ર લલિત, એના ભાઈબંધને બધા આડા રસ્તે દોરી જતો, જેથી એકે એક વ્યસનના પંજામાં જગદીશ બધી રીતે પૂરો બન્યો હતો. પૈસા અને પ્રતિષ્ઠા એ બન્ને રીતે આગળ આવેલા ગોકુળભાઈના વારસ જગદીશને આજે કાંઈ ઉણપ ન હતી કે જેથી તે પોતાના અનાચારી માર્ગને મૂકી, સદાચારના ઉત્તમ માર્ગને પકડવાને ઇચ્છે !

એક સ્હવારે, પર્વદિવસ હોવાથી સરલા, ન્હાઇ, ધોઇ, પૂજાના કપડાં પહેરી, હાથમાં પૂજાનાં ઉપકરણો લઇ, દેરાસરે જવા તૈયાર થઈ; એટલામાં એ દિવસે વ્હેલા ઉઠેલા જગદીશે આ બધું જોયું. એનાથી રહેવાયું નહિ, કુતૂહલ કરતાં તેણે સરલાને મજાકમાં કહ્યું; 'આ બધો ઠઠારો કરીને ક્યાં ચાલ્યાં ? ઘરના જીવતા જાગતા દેવને મૂકીને આ વળી ક્યા દેવને પૂજવા ચાલ્યાં ? '

સરલા સંસ્કારી અને મર્યાદાશીલ હતી. સરલાના બાપનું કુળ ખાનદાન તેમજ ધાર્મિક વાતાવરણની અસરથી રંગાયેલું હતું. સરલા આ બધું સાંભળી રહી; પણ આ શબ્દો તેના હૈયામાં હાડોહાડ લાગી ઉઠયા. મર્યાદાને સાચવીને તેણે તે અવસરે કહી દીધું કે, 'આવું તમારાથી ન બોલાય ! તમારા ને મારા જગત માત્રના પરમ ઉપકારી તેમ જ દેવનાદેવ શ્રી અરિહંત પરમાત્માને પૂજવા માટે હું જાઉં છું. આપણા જેવા અજ્ઞાન આત્માઓ હજુ માનવ નથી બની શકયા તો દેવ બનવાની વાત ક્યાંથી ? આમ ધર્મ, દેવ કે ધર્મગુરૂ જેવાં મહાન તત્ત્વોની મજાક તમારા જેવાને ન શોભે' જગદીશ આ સાંભળી રહ્યો. પણ તેના હૈયામાં આ વચનોનો ટાઢો માર ખૂબ અસહ્ય બન્યો. તેને બધું સ્હમજમાં આવ્યું છતાં એક ખટક હૈયામાં રહી ગઈ. સરલા જેવી પોતાની સ્ત્રી એ આ રીતે ઉપદેશનું ડહાપણ ડોળવા બેસે એ તેના જેવા ઘરના માલીક ગણાતા પુરૂષને હીણપત લગાડનારૂં કહેવાય. ગમેતેમ તોપણ સ્ત્રી એટલે પરાધીન; તે શું પોતાના જેવા પુરૂષને આમ સ્હમજાવવા બેસે ! આ સ્ત્રી જાતની વધુ પડતી નફટાઇ નહિ તો બીજું શું ?

'સરલાએ આજે મારૂં અપમાન કર્યું', આ

ગાંઠની ગૂંચ જગદીશનાં અંતરમાં પડી ગઈ એથી એનાં હૃદયમાં સરલા માટે અરૂચિ પેદા થઇ. એમાં તે દિવસે, સાંજે એક એવા બનાવ બની ગયો કે, જેથી જગદીશને સરલા જેવી ગુણવાન ધર્મશીલ સ્ત્રી પ્રત્યે તિરસ્કાર ઉપજ્યો. સાચે કાગડાને કંઠે હીરાનો હાર તે આનું નામ !

તે દિવસે સાંજે, એક મુનિરાજ, જગદીશના ઘેર વહોરવા પધાર્યા હતા. હીંચકા ઉપર બેઠેલા પરશન કાકીએ ઉભા થઈ, 'પધારો' કહી, પૂ. મુનિરાજનું સ્વાગત કર્યું. 'ધર્મલાભ' બોલી, સાધુ મહારાજ રસોડામાં પધાર્યા. ભાવપૂર્વક સરલા મહારાજશ્રીને વહોરાવવા સજજ બની. રસોઈઆએ શેઠાણીની આગળ બધી વસ્તુઓ મૂકી અને હૃદયનાં બહુમાનથી સરલાએ મહારાજશ્રીને ભક્તિથી વહોરાવ્યું.

અચાનક ઉપરના માળ પરથી, લલિતની સાથે ટોળ–ટપ્પાં મારતો જગદીશ નીચે ઉતર્યો. તેની દૃષ્ટિ મુનિરાજ પર પડી. વ્હોરીને ચાલ્યા જતા મહારાજને જોઈ તેણે લલિતને આંગળી ચિંધિને કહ્યું; 'જો આ હાલી નીકળ્યા, છે કાંઇ ફીકર–ચિંતા, આ લોકોને કાંઇ મહેનત–મજૂરી કરવી નહિ ને પારકે પૈસે પરમાણંદ. મહાત્માજી શું ખોટું કહે છે? હિંદુસ્તાનના લોકો વગર મહેનતે માલ મેળવવા માંગે છે તે આવાજને? સ્વાશ્રયી બન્યા વિના હિંદુસ્તાનમાં સ્વરાજ્ય ક્યાંથી આવે?' મોટા ફીલસોફરની જેમ જગદીશે એનું ભાષણ હાંકવા માંડયું.

જગદીશની મા પરશનકાકી આ બધું સાંભળતાં હતાં, તેમનાથી ન રહેવાયું, જગદીશને સંબોધીને પરશન શેઠાણી બોલ્યા; 'જગા ! આપણા મહારાજ સાહેબને માટે આ તું બોલ્યો કે બીજાને અંગે? આપણા મહારાજ સાહેબને જો તું આ બધું કહેતો હોય તો તારો દિ' ઉઠયો છે. નહિતર મારા કુળમાં પાકેલો તું આવું બોલી શકે કે? આપણા જૈન સાધુઓ તો મહાન અને પવિત્ર ત્યાગી મહાત્માઓ છે. એમના જેવા સ્વાશ્રયી આ દુનીયામાં બીજા કોણ છે? યાદ રાખજે કે, મહેનત કરતાંયે ભાગ્ય બલવાન છે. ભાગ્ય વિના સંસારમાં કાંઈ મળતું નથી. જૈન સાધુઓ જે પુરૂષાર્થ કે મહેનત કરે છે તેના જેવી જગતના આત્માઓના કલ્યાણને કરનારી મહેનત બીજું કોણ કરે છે? માટે ભાઇ ! આપણા સાધુ–મહારાજને અંગે એક શબ્દ પણ આપણાથી ન બોલાય! નહિતર એનું પરિણામ સારૂં નહિ આવે !'

જગદીશ તેમજ લલિત, બન્ને દોસ્તોએ પરશન કાકીના આ શબ્દોને હાંસીમાં ઉડાવી દીધા. રસોડામાંથી બ્હાર આવતાં સરલાના કાને આ બધી વાતો પડી. એને સ્હવારનો પ્રસંગ યાદ આવ્યો, સાસુજીને વાત–વાતમાં તેણે સ્હવારની હકીકત કહી સંભળાવી.

જગદીશને પોતાની પુરૂષજાતનું આમાં અપમાન લાગ્યું. સ્વત્વ ઘવાતું હોય તેટલા જુસ્સાથી એણે રાડ પાડી; 'અમે ગમે તેમ બોલીયે, એમાં તમારે શિખામણ આપવાની જરૂર શું? તમારૂં ડહાપણ તમારી પાસે રાખો ! તમને બૈરાઓને ગમ કેટલી? અમને ગમે તેમ બોલવાનો ને ગમે તેમ કરવાનો હક્ક છે, તમે અમને કહેનાર કોણ?'

સરલા સહનશીલ હતી, જગદીશના બેફામ બનતા વાક્પ્રહારને એ પામી ગઇ. એને મૌન રહેવાનું પસંદ કર્યું; પણ જેણે કોઈ દિવસ કોઇનો ઉંચો ટુંકારો પણ સાંભળ્યો નથી તે પરશન શેઠાણીથી આ પરિસ્થિતિ અસહ્ય બની. ઘરડે ઘડપણે પોતાનો એકનો એક દીકરો, આમ અપમાન કરી બેસે એ એમનાથી ન ખમાયું.

'જો આ રીતે ધર્મની બાબતમાં તારો આવો જ સ્વભાવ રહેશે તો મારાથી એ નહિ સહન થાય. મારો ધર્મ પહેલો, પછી બીજું; માટે તું તારી જબાન ઠેકાણે રાખજે! ધર્મ કરવો નહિ અને કરનારને હેરાન કરવા એ મારાથી નહિ સહન થાય.'

'ન સહન થાય તો તમે તમારા સ્થાને ચાલ્યા જાઓ ! મારે તમારૂં કામ નથી, જાણે તમારા હાથમાં રાજ આવી ગયું, અમે અમારી મરજી મુજબ બોલવાના, બોલવાના ને બસ બોલવાના. તમે બૈરા લોકો અમને એમ દબડાવો તે નહિ ચાલે !'

ખૂબ રોષે ભરાયેલા જગદીશે માઝા મૂકી. પરશન શેઠાણી અને સરલા, જગદીશના તોફાની સ્વભાવને ઓળખી ગયાં. તેઓ વધુ ન બોલતાં અવસર

પામી મૌન રહ્યા. પણ આ બનાવ પછી, જગદીશનો રોષ વધતો રહ્યો. સરલા જેવી સુશીલ, શાણી સ્ત્રી પ્રત્યેનું તેનું વર્તન વધુ કડક રહ્યું. પૈસાની ખુમારી, યુવાનીનું નવું લોહી, ધર્મસંસ્કારોનો સર્વથા અભાવ, કુસંગતનો નાદ આ બધાં ભયસ્થાનોથી દોરવાઇ ગયેલો જગદીશ હવે વધુ બેફામ બનતો ગયો.

જતે દિવસે, જગદીશની મા અને સરલા બન્ને સાસુ-વહુ જગદીશના ધર્મ વિરોધી સ્વભાવથી કંટાળી તેનાથી જુદા થયાં. જગદીશના હર્ષનો પાર ન રહ્યો, નાચ-ગાન-તાનની મીજલસો, તમાસા અને નખરાબાજ રાંડોના જલસાઓનું નાટક ઘરને આંગણે જમાવવામાં હવે એને વધુ અનુકૂળતા રહેવા લાગી. સીનેમા સ્ટારોની સાથે વિલાસોમાં મ્હાલવાની તક હવે સારી રીતે મળતી રહી. બાપની કમાઇના પૈસાને આવા તોફાનો અને અનાચારોની આંધીમાં વેડફી દેવામાં તેને માથે હવે ઘરમાં કોઇ અંકુશ ન રહ્યો.

## ૨ સુધારકોની સભામાં ભંગાણ.

વીરપુરના જૈનસમાજમાં છેલ્લા કેટલાયે વર્ષોથી બે પક્ષો છે. એક પક્ષ જૂનવાણીના નામથી ઓળખાય છે, જ્યારે બીજો પક્ષ પોતાની જાતને સુધારક તરીકે ઓળખાવતો, બે-ચાર કેળવાયેલા ગ્રેજ્યુએટો, બે-ચાર પૈસાદાર ચલતા પૂર્જાના સાથ-સહકારથી હમણાં તાજેતરમાં ઉભો થયો છે.

નાત, જાત, ધર્મ કે સમાજના નૈતિક કે વ્યવહારિક બંધનોમાં આ વર્ગ કાંઇ માનતો જ નથી. સર્વધર્મ સમન્વય, રાષ્ટ્રવાદ, વગેરે આકર્ષક શબ્દોનો વ્યાપાર આ મંડળનો મુખ્ય પ્રચાર છે. પ્રાણલાલ ઝવેરીએ આ યુવક પક્ષની યુથલીગ સંસ્થાના જાહેર કાર્યકર્તા પ્રચાર મંત્રી ગણાય છે, અને જગદીશ આ સંસ્થાનો પ્રમુખ છે.

આજે સુધરાઇના વિશાળ હોલમાં, આ સંસ્થાના આશ્રય હેઠળ જગદીશ ગોકુળભાઇ શાહના પ્રમુખસ્થાને એક સભા મલી હતી. વીરપુરના ૨૫-૩૦ ભાઇઓ, કેટલાક જૈનેતર સ્ત્રી-પુરૂષો ઇત્યાદિ મલી લગભગ ૫૫-૬૦ સ્ત્રી-પુરૂષોની હાજરી હતી. સમય થતાં સંસ્થાના કાર્યકર ઝવેરી પ્રાણલાલે સભાસદો જોગ પોતાના ભાષણમાં જણાવ્યું કે, 'માનનીય સદ્દગૃહસ્થો તેમજ ભગિનીઓ! આપણી સંસ્થા યુથલીગના આશરા હેઠળ, આપણા શહેરના જાણીતા શ્રીમંત તેમ જ સુધારક આગેવાન શ્રીયુત જગદીશભાઇનાં નેતૃત્વ નીચે આપણે બધાં અહિં એકત્ર થયા છીએ. તેનું કારણ આપ સહુ જાણતા હશો? આપ સહુની સમક્ષ તેને અંગે બે શબ્દો કહેવાને હું ઉભો થયો છું. આપ જાણતા હશો કે, છેલ્લા બે માસથી આપણા શહેરમાં જૈનાચાર્ય શ્રી યશોભદ્રસૂરિજી પધાર્યા છે. મારે કહેવું જોઇએ કે, મહાન જૈનાચાર્યના પગલાં થાય ત્યાં ખરેખર શાન્તિ, સંપ, ભ્રાતૃભાવ વગેરે વધવું જોઇએ, પણ ખેદની વાત છે કે, આ સૂરિમહારાજનાં પગલાંથી આપણા જૈન સમાજમાં ઘેર ઘેર અશાંતિની હોળી સળગી છે. એમની વાણીમાં અગ્નિના તણખા ઝરે છે. આપણે બધાયે આ ઉપદ્રવ બબ્બે મહિના સુધી સહન કર્યો પણ હવે હદ આવી ગઇ છે. આજે અહિં એકત્ર થયેલા આપણે બધાયે જાહેર કરી દેવું જોઇએ કે, 'આવા ઝઘડાખોર જૈનાચાર્યો અમારે ન જોઇએ!'

ખૂબ જ રાડ પાડીને, ઝવેરી પ્રાણલાલ વ્યાસપીઠની ધરતી પર પગ પછાડવા લાગ્યા. સભામાંથી બે-ચાર જણાઓએ તાલીઓ પાડી ન પાડીને પોતાનું ભાષણ પૂર્ણ કરી, યુથલીગના તે પ્રચારમંત્રી પોતાની બેઠક પર ગોઠવાઈ ગયા. સભામાં થોડીવાર ગરબડ ચાલી. વાતાવરણમાં ગરમી આવી. એટલામાં પ્રમુખ જગદીશ શાહે વ્યાસપીઠ પર આવીને પોતાનું વક્તવ્ય શરૂ કર્યું.

'ભાઇઓ અને બ્હેનો! ભાઈ પ્રાણલાલ ઝવેરીએ, તમારા સહુની સમક્ષ આજની સભા ભરવાનો હેતુ સ્પષ્ટ કર્યો છે. મારે એ વિષે વધુ કહેવાનું નથી, છતાં હું કહીશ કે, આપણા સમાજની શાંતિને જોખમમાં મૂકનારા આ બધા આચાર્યોને હવે તો આપણે બધાયે ભેગામળીને પદભ્રષ્ટ કરી દેવા જોઇએ. આ લોકો, શું કરવા બેઠા છે તેની મને ખબર પડતી નથી. ગઈકાલે રાત્રે એક નવી વાત આવી છે કે, આ આપણા સૂરિમહારાજે, પરમ દિવસના બપોરે એક બિચારા ગભરૂ બાળકને ભોળવીને મૂંડી નાંખ્યો છે.

આવા જૈનાચાર્યો જૈનસમાજનું શું સુધારશે ? આપણે ભેગા થઈને આજે જાહેર કરી દો કે, 'શિષ્યલોભી, ઝઘડાખોર આવા જૈનાચાર્યો અમારે નહિ જોઈએ.'

છાતીને વારંવાર ફુલાવતા જગદીશશાહે, જૈનાચાર્યોને માટે જેટલું બોલાય તેટલું આ અવસરે બોલી નાખ્યું. જગદીશના ભાષણ પછી, લલિતનો વારો આવ્યો. તેણે પણ જૈનસાધુઓ માટે જેમ ફાવે તેમ કહી નાંખ્યું, અધૂરામાં પૂરૂં છેલ્લે છેલ્લે તેણે કહી દીધું કે, 'આવા સાધુઓને પાણીનું એક ટીપું કે અનાજનો એક કણીયો આપવો તે હરામ છે. ક્યાં અહિંસાના પયગંબર મહાત્મા ગાંધીજી ને ક્યાં આજના આપણા આ જૈનસાધુઓ! પ્રભુ મહાવીરની અહિંસાનો દિવ્ય સંદેશ જગતભરમાં ગૂંજતો કરનાર મુઠ્ઠીભર હાડકાનો ધણી ને ભગવાન મહાવીરદેવનો સાચો વારસ આ મહાત્મા મોહનદાસ ગાંધી છે. જ્યારે આપણા જૈનાચાર્યોમાં એમાનું કાંઈ નથી' સાંભળનારાઓની તાલીઓના અવાજે ગાજવા લાગ્યા ને પોતાનું કહેવાનું પુરૂં કરી લલિત ત્યારબાદ બેસી ગયો.

થોડીવારસુધી સભાગૃહમાં ગંભીરતા છવાઈ. સાંભળનાર બધા સભ્યો પરસ્પર ગુપચૂપ ગુફતેગો કરતા રહ્યા. પ્રમુખ જગદીશશાહે, સહુ સભ્યોની સ્હામે તીણી નજરે જોવા માંડયું. એટલામાં સભાગૃહની મધ્યમાં બેઠેલા, ને જગદીશના ખાસ પાડોશી જગમોહનદાસ ઉભા થઈ વ્યાસપીઠની નજીક આવ્યા.

'તમારે કેમ કાંઈ બોલવું છે ?'

'હા, મારે તમારા બધાના ભાષણ સંબંધી અંગત ખૂલાસો કરવો છે.' આમ પ્રમુખ જગદીશશાહની અનુમતિથી જગુ કાપડીયાએ વ્યાસપીઠ પર ચડીને પોતાનું વકતવ્ય ચાલુ કર્યું. જગમોહન કાપડીયા, પ્રાણલાલ તેમજ જગદીશના બેઠકીયા ભાઈબંધ છે. જૈનસમાજના પ્રશ્નોમાં તેમને રસ છે. વીરપુરના વિચારક ગણાતા સજ્જનોમાં જગુભાઈનો નંબર ગણી શકાય તેમ છે. દરેકે દરેક સામાજિક કે ધાર્મિક બાબતોમાં તેઓનો અનુભવ વધુ પ્રામાણિક ગણાય છે. એઓ જ્યારે બોલવા ઉભા થયા એટલે સભામાં તરત જ ઉત્સુકતા જાગી. શરૂઆતમાં સભામાં બેઠેલા ભાઈ–બ્હેનોને ઉદ્દેશીને, તેઓએ જણાવ્યું; 'સાધર્મિક બંધુઓ અને બ્હેનો! અત્યારે, અગાઉ જે જે વકતાઓએ પોતાના વિચારો જણાવ્યા છે, તે તો આપ સહુએ ધ્યાનમાં લીધા હશે? આ તકે, મારે કહેવું જોઈએ કે, મારી અગાઉના એ વકતાઓએ જે કાંઈ કહ્યું છે, તે બિલકુલ અતિશયોક્તિભર્યું અને સત્યને અન્યાય કરનારૂં છે. અસત્યની સ્હામે, અન્યાયની સ્હામે ઝઝૂમવાની ડાહી ડાહી વાતો કરનારા એ સુધારક બંધુઓએ સાચે તમને અને પોતાની જાતને ઠગી છે જૈનસાધુ સંસ્થા એ તો જૈનસમાજનું ગૌરવ છે. જૈનાચાર્યો એ શાસન, ધર્મ અને સમાજના જીવંતપ્રાણ છે. આવા ઉપકારી પુરૂષો માટે યથેચ્છ ને ઉન્મત્ત પ્રલાપ કરવો એ સુધારકસમાજને શરમાવનારૂં છે. જૈનાચાર્ય શ્રીયશોભદ્રસૂરિ જ્યારથી આપણા શહેરમાં પધાર્યા છે, ત્યારથી હું તેઓની વાણી સાંભળવા જાઉં છું. અત્યારસુધીના મારા અંગત અનુભવથી હું કહીશ કે, તેઓ એક મહાન શાસનપ્રભાવક ધર્માચાર્ય છે.'

જગુભાઈ, જ્યાં આગળ બોલવા જાય છે, તેટલામાં સભાના એક ખૂણામાંથી બે–ચાર વ્યક્તિઓનો કોલાહલ શરૂ થયો.

'બેસી જાઓ, બેસી જાઓ, અમારે તમારૂં સાંભળવું નથી.'

કોલાહલ વધતો ગયો, સભામાં ગરબડ શરૂ થવા લાગી, કેટલાક કેવળ કુતૂહલવૃત્તિએ જોવા આવ્યા હતા તે જૈન–જૈનેતર સ્ત્રી–પુરૂષો, ઉઠીને ચાલવા માંડયા. છતાં જગુભાઈ વ્યાસપીઠ પર ઉભા જ રહ્યા. ઘોંઘાટના વાતાવરણમાં તેમણે મજબૂત રહી, મોટા સાદે આગળ ચલાવ્યું. 'સુધારક કહેવાતા આ ભાઈઓ કેટકેટલા દંભી છે તે અત્યારે સ્હમજી શકાય છે. પોતાની જુદી વાતોનો રદીયો આપનારને સાંભળવાની પણ ઉદારતા આ સજ્જનો (?) માં કેમ નથી જણાતી? સહિષ્ણુતા, શાંતિ ને સમભાવની વાતો કરનારા આ સુધારક યુવકો, પોતાથી વિરૂદ્ધ વિચાર

## શ્રી જિનશાસનમાં નિમિત્ત અને ઉપાદાન બન્ને કારણોનું સરખું મહત્ત્વ છે.

# દ્રવ્ય-ગુણપર્યાયનો રાસ

પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજ

આપણે એ વાત નક્કી કરી આવ્યા કે, કાર્ય-માત્રમાં એકલું ઉપાદાન કારણ એ જેમ કાર્યસાધક નથી, તેમ એકલું નિમિત્ત કારણ એ પણ કાર્યસાધક નથી. ખરી વાત તો એ છે કે, જૈનશાસનના વ્યવહાર–નિશ્ચયરૂપ ઉભય નયો એક એક કારણની મુખ્યતા ઉપર ભાર મુકે છે. વ્યવહારનય નિમિત્ત કારણની–કાર્યમાં મુખ્યતા બતાવે છે. જ્યારે નિશ્ચયનય ઉપાદાન કારણની, કાર્યમાં મુખ્યતા બતાવે છે. હવે જો એકલા નિમિત્તનેજ કારણ મનાવી ઉપાદાનને કારણ તરીકે ઉડાડવામાં આવે તો વ્યવહાર નય જેમ વ્યવહારાભાસ બને છે તેમ, એક ઉપાદાનને કારણ તરીકે ઓળખાવી નિમિત્તમાં કારણતાને ઉડાડવામાં આવે તો નિશ્ચય નય પણ નિશ્ચયાભાસ બને છે. એકલો વ્યવહાર જેમ જિનશાસન સ્વરૂપ નથી; તેમ એકલો નિશ્ચય એ પણ જિનશાસન સ્વરૂપે નથી.

વ્યવહાર અને નિશ્ચયનયની સ્પષ્ટ વ્યાખ્યાઓ શું છે ?

નિશ્ચયનય એ જિને કહેલા પરમાર્થના ખ્યાલ સ્વરૂપ (મોક્ષ સ્વરૂપ) છે, અને વ્યવહાર જિને કહેલો અમલ છે. ખ્યાલ પૂર્વકનો અમલ એ સાંગોપાંગ એવું જિનશાસન છે. એકલા ખ્યાલવાળો માર્ગે જ ન ચઢે, અને એકલા અમલવાળો જ્યાં ત્યાં અથડાઈ મરે. લોક–વ્યવહારમાં પણ આરોગ્યનો પ્રેમી એવો ખાવાના વિષયમાં વૈદ્યે કહેલી વિધિ મુજબની તૃપ્તિને ખ્યાલરૂપે રાખે છે અને વૈદ્યે કહેલી ભોજન ક્રિયાને અમલ સ્વરૂપે સ્વીકારે છે. એકલી તૃપ્તિ–તૃપ્તિની રાડો પાડ્યા કરે, અને ભોજનક્રિયાને ન કરે તો દુબળો પડી જાય, હાડકાં નીકળે અને અંતે મરી પણ જાય. જ્યારે એકલું ખાવાનું જ કામ ચાલુ રાખે અને તૃપ્તિનો ખ્યાલ ન રાખે તો અજીર્ણ થાય, માંદો પડે અને અંતે મરે. માટે અહીં જેમ તૃપ્તિને ખ્યાલમાં રાખી ભોજનક્રિયાને કરનારો નિરોગી રહે છે તેમ આરાધનાના વિષયમાં પણ મોક્ષરૂપ ખ્યાલને ધ્યેયરૂપે સ્થાપી જિને કહેલી આચરણા આચરે તો આત્માના અનંત સુખસ્વરૂપ સહજસ્વરૂપની પ્રાપ્તિ કરી શકે છે.

**પ્રશ્ન:**–કાનજીસ્વામીજી કહે છે કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઇ પણ કરી શકે નહિ એ વાત શું સાચી છે?

**જવાબ:**–તદ્દન ખોટી, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ, એનો તાત્ત્વિક અર્થ કાઢવો હોય તો એટલોજ નીકળી શકે કે, એક દ્રવ્યમાં રહેલા ગુણ પર્યાયો એ પલટાઇને બીજા દ્રવ્યમાં જતા ન રહે અને બીજા દ્રવ્યમાં રહેલા ગુણપર્યાયો એ પલટાઇને પેલા દ્રવ્યમાં આવે નહિ. દાખલા તરીકે, જડ અને જીવ એ બે સ્વતંત્ર તત્ત્વો છે; એમાં જડ પુદ્ગલોમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શાદિ ગુણો છે; જ્યારે જીવ તત્ત્વમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણો છે. હવે અહીં એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ કરી શકે નહિ, એનો એટલો જ અર્થ થઇ શકે કે, જડ પુદ્ગલો પોતાનામાં રહેલા રૂપ, રસ, ગંધ, સ્પર્શને આત્માના ગુણો કરી શકે નહિ અને આત્મા પોતાના જ્ઞાન, દર્શન અને ચારિત્ર આદિ ગુણોને જડના ગુણો બનાવી શકે નહિ. ટુંકમાં આત્મા પોતાના ગુણોને જડના ગુણોરૂપ બનાવી શકે નહિ; અને જડ પોતાના ગુણોને આત્માના ગુણોરૂપ બનાવી શકે નહિ પણ એથી એમ

---

ધરાવનારાઓનું સાંભળવા પણ તૈયાર નથી! આ કેટલો અન્યાય! વાણી ને વ્યક્તિ સ્વાતંત્ર્યની બડી બડી વાતો કરનારા આ યુવાનો, શા માટે મારી વાણીને રૂંધવાનાં તોફાનો કરે છે?'

યુથલીગના સભ્યોનું તોફાન વધ્યું, ઉશ્કેરાટ ઉગ્ર બન્યો. સભામાં બેઠેલા કેટલાક સમજુ ગૃહસ્થો વ્યાસપીઠ પર ધસી ગયા. જગુભાઈની ચોમેર કોર્ડન કરી દીધું. જુવાનજોધ યુવકોએ, સીસોટીઓ, ચીસો પાડી સભાગૃહને ગજાવી મૂક્યું. જગુભાઇને ઘેરી લેવાના તે લોકોના પ્રયત્નો આમ નિષ્ફળ બન્યા.

સભાના પ્રમુખ જગદીશશાહ અને પ્રાણલાલ ઝવેરી, અવસર જોઈ, સમયને પારખી પાછલા બારણેથી બ્હાર ચાલ્યા ગયા. તોફાનીઓ વધુ ફાવે તે પહેલાંજ શહેરની પોલીસે આવી સુધરાઇના હોલનો કબ્જો લઈ લીધો. [ક્રમશ]

સમજવું નહિ કે ચેતન દ્રવ્ય, જડને સહાયક ન બને અને જડ દ્રવ્ય ચેતનને સહાયક ન બને. જડ અને ચેતન પરસ્પર પોતાના ગુણ-પર્યાયની અદલા-બદલી નહિ કરવા છતાં એક બીજામાં સહાયકરૂપે રહી શકે છે. જેમકે ખાવાની ક્રિયા જડ એવા શરીરની છે; છતાં એકલું મડદું (ચેતન વગરનું શરીર) કેમ ખાતું નથી? કહોકે, ખાવાની ક્રિયામાં મદદ કરનારો આત્મા ચાલ્યો ગયો માટે.

અહિં કોઈ શંકા કરશે કે, ત્યારે શું આત્મા ખાય છે? તો તેના જવાબમાં જાણવું કે, એકલું શરીર જેમ ખાતું નથી, તેમ એકલો આત્મા પણ ખાતો નથી. એકલું શરીર જો ખાતું હોતતો મડદાંને ખવડાવોને! કેમ નથી ખાતું? એકલો આત્મા જ જો ખાતો હોય તો સિદ્ધ ભગવંતો પણ ખાવાની ક્રિયા કરે. વસ્તુતઃ ખાવાની ક્રિયા અહિં નથી એકલું શરીર પણ કરતું અને નથી એકલો આત્મા પણ કરતો; જે કરે છે તે શરીરી કરે છે. શરીર એ ક્રિયા કરે છે, અને એનો અધિષ્ઠાતા એ ક્રિયાને મદદ કરે છે. પ્રસ્તુત ક્રિયામાં અધિષ્ઠાતાની મદદ એજ નિમિત્ત કારણતા છે.

કાનજીસ્વામી તો જેમ એક દ્રવ્યના ગુણપર્યાયો એમ બીજા દ્રવ્યમાં પલટો ન ખાઈ શકે તેમ એક દ્રવ્ય બીજા દ્રવ્યને સહાયક કે નિમિત્ત કારણરૂપે પણ ન થઈ શકે એમ ફરમાવે છે. એકદ્રવ્ય બીજાદ્રવ્યને મદદરૂપે, સહાયકરૂપે કે નિમિત્ત કારણરૂપે પણ ન હોઈ શકે એ અંશમાં કાનજીસ્વામીજી ભયંકર ગલતી કરી રહ્યા છે.

ધ્યાનમાં રાખવું કે, અહિં આપણો એ આશય નથી કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યના વિકાશમાં જ સહાયક થાય. પણ આપણો તો એટલો જ આશય છે કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યના વિકાશમાં જેમ સહાય કરે તેમ એક દ્રવ્ય બીજા દ્રવ્યના વિકાશ રૂંધનમાં પણ સહાયક થાય. ટુંકમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યની પ્રગતિ કે પીછેહઠમાં સહાયક થઈ શકે છે. જો આમ ન હોય તો શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ આપણામાં અને સિદ્ધ ભગવંતોમાં કાંઈ પણ તફાવત નથી. એ જેમ અનંતજ્ઞાનાદિ ગુણોના માલીક છે, તેમ આપણે પણ અનંત જ્ઞાનાદિ ગુણોના માલીક છીએ. આમ હોવા છતાં આપણે વિભાવદશામાં આથડીએ છીએ અને તેઓ સ્વભાવમાં રમણતા પામી રહ્યા છે, એનું કાંઇ કારણ? કહોકે, આપણને કાંક વળગ્યું છે જે એમને વળગેલું નથી. આપણને જે વળગ્યું છે તે ચેતન સ્વરૂપે નથી, પણ જડ સ્વરૂપે છે, અને એણે જ આપણી સ્વાભાવીક દશાને રૂંધી છે. પછી તમે એને વિભાવ કહો, મોહ કહો, રાગ-દ્વેષ કહો, ગમે તે કહો પણ એ ચેતન કે ચેતનના સ્વાભાવીક ગુણ સ્વરૂપે નથી પણ એથી પર છે અને એ પરે જ આત્માના સિદ્ધ સ્વરૂપને આચ્છાદિત કર્યું છે. જો આ રાગદ્વેષે, મોહે કે વિભાવદશા રૂપ પરવસ્તુએ આત્માના સ્વરૂપને ન આવર્યું હોત તો આપણામાં અને સિદ્ધ ભગવંતોમાં કાંઇ પણ તફાવત ન હોત.

અહિં કોઇ એમ કહેવાની ધૃષ્ટતા કરે કે, આપણામાં અને સિદ્ધ ભગવંતોમાં કાંઇ જ તફાવત નથી. તો તેને પૂછવું કે, સિદ્ધ ભગવંતો તો ત્રણે કાળના અને ત્રણેલોકના સમસ્ત-દ્રવ્ય, ગુણ, પર્યાયને પ્રત્યક્ષ જુએ છે અને તું કેમ જોતો નથી? વિશેષમાં નમસ્કાર મહામંત્રમાં **नमो अरिहंताणं** કે **नमो सिद्धाणं** એ પદો કેમ છે? અને **नमो सव्व जीवाणं** એ પદ કેમ નથી? બધા આત્માઓ સિદ્ધ સ્વરૂપે જ છે તો નમસ્કારમાં આમ ફેરફાર કેમ?

બીજું; પરદ્રવ્ય કાંઇ કરી જ શકતું ન હોય તો માનો કે એક માણસ રોજ પ્રાતઃકાળે પાંચ વાગે ષટ્દ્રવ્યનું ચિંતવન, મનન અને નિદિધ્યાસન કરે છે, હવે આગલા એ દહાડાથી માંડીને એનો ઝાડો અને પેશાબ બંધ થઇ જાય તો શું એ પ્રાતઃકાળે ધ્યાન ધરી શકે ખરોકે? કહોકે, અહિં પાપ પ્રકૃતિ આત્માથી પર હોવા છતાં એના વિકાશ રૂંધનમાં સહાયક થઇ શકે છે.

કેમ ભાઇ! **માસિકના આપ ગ્રાહક છો? જો નથી તો વાર્ષિક લવાજમ રૂા. ૪-૦-૦ મોકલો કલ્યાણ પ્રકાશન મંદિર; પાલીતાણા**

હળવી કલમે [ પાના ૧૫૦ નું ચાલુ ]

સદ્‌ગૃહસ્થ હોય કે મુંબઈના નબીરા કુંટુંબના શ્રીમંત યુવક હોય? આ પ્રશ્ને અંદરખાને ઠીક ઠીક ચકચાર જમાવી હતી પણ મારૂં તો પહેલું એ કહેવું છે કે, બીજું અધિવેશન પાલીતાણામાં ભરવાનું આમંત્રણ કોણે આપ્યું? જો કોઈએ આપ્યું હોય તો જરૂર પાલીતાણાના વતનીજ સ્વાગતાધ્યક્ષનો અધિકારી છે અને કોઈએ અધિવેશન સિદ્ધક્ષેત્રમાં ભરવાનું આમંત્રણ નજ આપ્યું હોય તો પછી ગમે તે ગામનો અને ગમે તે દેશનો યુવક સ્વાગત કરે એની સામે પ્રશ્ન ઉઠાવવાની જરૂર રહેતી નથી. હા, એટલું છે કે, જે ગામમાં અધિવેશન ભરાવાનું હોય તે ગામના અગ્રગણ્યનું આમંત્રણ હોવું જોઈએ અને આમંત્રણ હોય તો તેજ ગામનો વતની સ્વાગતાધ્યક્ષે શોભે એમ મારૂં માનવું છે.

દ્વિતીય અધિવેશનના પ્રમુખ મહારાષ્ટ્રદેશના લાડીલા નાયક શ્રી પોપટલાલ રામચંદ્ર શાહનું પ્રેસમાં છપાએલું ભાષણ બેઠકમાં વાંચ્યું કે વંચાયું ન હતું પણ વહેંચી દેવામાં આવ્યું હતું અને શ્રી શાહે તે વખતે જે વિચારો આવ્યા તે ઘણી સચોટ અને અસરકારક શૈલિથી રજુ કર્યા હતા. પહેલા દિવસની બેઠકમાં રચનાત્મકશૈલિએ જે ભાષણ શાહે કર્યું તે ભાષણે શ્રોતાઓના હૃદયને ખુબ સારી અસર ઉપજાવી હતી પણ બીજા દિવસની બેઠકમાં જે ભાષણ કર્યું તે એટલુંજ ખંડનાત્મકશૈલિથી ભરપૂર હતું એટલે શ્રોતાઓ ઉપર પડેલી પહેલા દિવસની છાપ ધોવાઈ ગઈ હોય એમ જોવામાં આવ્યું.

શ્રી શાહે નીચે મુજબના વિચારો વ્યક્ત કરવાથી કેટલાક પ્રેક્ષકોમાં ઉલટી અસર થઈ હતી.

(૧) ગાંધીજીના દાંડીકુચ વખતના પાદવિહારને શ્રી મહાવીરસ્વામીના પાદવિહારની સાથે સરખામણી કરી હતી.

(૨) પહેલાં જૈનધર્મ હતો પાછળથી તમે જૈનધર્મ બનાવ્યો તે જાતનો આરોપ.

(૩) ચાલુ બેઠકમાં દેડકો નીકળતાં ભાષણમાં શાહે જણાવ્યું કે, કેટલાક પુણ્ય પુરૂષોએ સમાજમાં દેડકાપ્રકરણ ઉભું કરી સમાજનું સત્યાનાશ વાળ્યું.

(૪) જૈનધર્મના પ્રભાવિક કાર્યો જેવાં કે, મહોત્સવો, વરઘોડાઓ વગેરે ઉપર કટાક્ષ કર્યો.

(૫) લિલાવતી મુન્સી વિધવા થયા પછી ફક્ત પડદા પાછળ પુનામાંજ જીવન ગાળ્યું હોત તો તેને કોણ ઓળખી શકત?

(૬) વગેરે વગેરે.

શાહના કે બીજા વક્તાઓનાં ભાષણોમાંથી વધારે ટાંચણોનું ટાંચન કરવાનો કાંઈ અર્થ નથી કેવળ એટલું જ કહેવું બસ થશે કે, વક્તાઓએ પોતાના વ્યક્તિગત વિચારોને એક બાજુએ રાખી શ્રોતાઓને સર્વ સામાન્ય સંભળાવ્યું હોત તો પડેલી સુંદર છાપ, અન્ય પ્રસંગ ઉપસ્થિત ન થાત ત્યાંસુધી ટકી રહેવાનો સંભવ હતો.

યુવાનો! હવે ઠરાવોની દુનિયા રહી નથી. વ્યક્તિગત મતભેદો બાજુએ રાખી સમાજ, ધર્મ અને દેશનાં શુભકાર્યોને સલાહ-સંપથી હાથ ધરવામાં આવશે, તો સહકાર વગેરે ચોમેરથી મળી રહેશે. પણ તે પહેલાં હૃદયમાં નિખાલસતા, નિઃસ્વાર્થતા, નિરાગ્રહિતા અને નિરાભિમાનતાના ગુણોને સ્થાન આપવું પડશે. બાકી તો કુતરૂં તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી એ પરિસ્થિતિથી તો જૈનસમાજમાં વિખવાદ, વૈમનસ્ય અને વૈરવૃત્તિનાં બી ઉંડાં વવાતાં જશે. કાર્ય ન થાય

તેની ચિંતા નહિ પણ કાર્યના મોહમાં છિન્નભિન્નતાનું મહાપાપ સ્વહસ્તે ન થાય તેની તકેદારી પુરતી રાખવી જરૂરી છે.

તીર્થરક્ષણ માટે પરિષદે ઠરાવ તો કર્યો છે તો હવે આપણું કેશરીયાજી તીર્થ અને દેવદ્રવ્ય ભયમાં છે. એટલું જ નહિ પણ શ્વે. મૂ. સંઘની માલીકીનો હક ઝુંટવાઇ રહ્યો છે. તો આ અવસરે પરિષદ્‌ના કાર્યકર્તાઓ અને પ્રમુખ મહાશય ઠરાવ કરીને કે ઠરાવની બે–ચાર નકલો કરાવી, છાપાઓમાં છપાવી બેસી નહિ રહે, એટલી જ હાલ તો આશા રાખીએ. પરિષદને પોતાની કાર્યશકિતનો પરચો બતાવી આપવાની પુરેપૂરી તક મળી છે. તો તે તક જતી નહિ કરતાં પરિષદના મોવડીઓ ઉદેપુરના મહારાજા પાસે પહોંચી જશે, અને તીર્થનો હક અને ધાર્મિક દ્રવ્યને પ્રાણાંતે પણ બચાવી લેશે, તો સમાજ તેમની કાર્ય શક્તિ પર આફ્રીન રહેશે. અને જો આ પ્રકરણ માટે સક્રિય પગલાં ભરવાને પરિષદ અસમર્થ નિવડશે તો યુવકોની શરમ–જનક ઘટનામાં એકનો ઉમેરો થશે.

અંતમાં, પરિષદના મોવડીઓ અને કાર્યકરો દેવ, ગુરૂ અને ધર્મ ઉપર અંતરંગ શ્રદ્ધા રાખી સંગઠન, તીર્થ રક્ષણ કે બીજા એવા કાર્યો માટે સમાજનો સહકાર માગશે, તો સમાજ સહકાર આપવા જરૂર તૈયાર રહેશે, અને જૈનશસનનાં અણમોલ કાર્યો કરવાનો અવસર સાંપડશે. એવી સુવર્ણ પ્રભા જલ્દિ પગટે એજ મહેચ્છા—


## સવાસો ગાથાનું સ્તવન

જૈનદર્શનનું અદ્‌ભૂત રહસ્ય બતાવનાર અને અપૂર્વ તત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપાધ્યાય મહારાજશ્રી યશોવિજયજીકૃત સવાસો ગાથાનું સ્તવન વિવેચનપૂર્વક ૨૬૪ પાનાનું નિડર લેખક, પંડિત જયંતિલાલભાઇની કલમથી લખાઇ, છપાઇ બહાર પડી ચૂક્યું છે.

આ ગ્રંથમાં આપણે ધર્મના નામે ધામધુમ ચલાવીને તત્ત્વજ્ઞાનના અપૂર્વ માર્ગથી કેટલા શિથિલ બન્યા છીએ તેનો સુંદર ચીતાર આપવામાં આવેલ છે.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં ઉપાધ્યાય મહારાજશ્રીના જીવનચરિત્રની અપૂર્વ રૂપરેખા પણ આપવામાં આવી છે.

તત્ત્વજ્ઞાનના પ્રેમી આત્માઓએ આ ગ્રંથ અવશ્ય વાંચવા લાયક છે,

કીંમત ૧–૮–૦ પોસ્ટેજ અલગ.

લખો–પંડિત જયંતીલાલ જાદવજી
નવાગઢ, પાલીતાણા [કાઠીયાવાડ]

## અમારાં ગુજરાતી પ્રકાશનો.

| | |
|---|---|
| ૧ હૃદયના તાર (૧) | ૦–૩–૦ |
| ૨ વિનાશનાં વમળ | ૦–૩–૦ |
| ૩ પવિત્રતાને પંથે | ૦–૪–૦ |
| ૪ દેવપાલ | ૦–૩–૦ |
| ૫ સુસીમા | ૦–૩–૦ |
| ૬ વીર રણસિંહ | ૦–૩–૦ |
| ૭ પ્રાર્થના | ૦–૫–૦ |
| ૮ વેરાયેલાં ફૂલો | ૦–૫–૦ |
| ૯ સાધના | ૦–૫–૦ |
| ૧૦ નૂતન સજ્ઝાય સંગ્રહ | ૦–૮–૦ |
| ૧૧ હૃદયનાં તાર (૨) | ૦–૨–૦ |
| ૧૨ ધન્યનારી | ૦–૮–૦ |
| ૧૩ જૈન શકુનાવલી | ૦–૬–૦ |
| ૧૪ મંત્રીશ્વર કલ્પક | ૦–૪–૦ |
| ૧૫ ભગવાન શ્રી નેમનાથ | ૦–૩–૦ |
| ૧૬ નૂતન સ્તવનાવલી. | ૦–૨–૦ |
| ૧૭ વિધિ સમય દર્પણ | ૦–૮–૦ |

વધારે મંગાવનારને સવાછ ટકા કમીશન મળશે.

શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા,
વાયા, દામનગર, ગારીઆધાર.

# શ્રી કેશરીયાજી તીર્થ ભયમાં છે ત્યારે જૈન સંઘોની શું ફરજ રહેલી છે ?

## જાગો અને ચેતો !

પૂ. મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ

અશાડ મહીનાના "કલ્યાણ" ના અંકમાં શ્રી કેશરીઆજી તીર્થ સબંધિ મારે કંઇક લખવું એ વિચાર પર હતો પણ સંજોગોવસાત્ હું લખી શકયો નથી. પણ મારે જે વિચારો સમાજ સમક્ષ રજુ કરવા વિચાર હતો તે વિચારોનું આબેહુબ ચિત્ર પૂ. મુનિરાજશ્રીએ પોતાના લેખમાં રજુ કર્યું હોવાથી હાલ તો તે લેખનું "જૈન" પત્રમાંથી સાભાર પૂર્વક અવતરણ કરી સંતોષ અનુભવુ છું. જૈન સમાજે સવેળા જાગવાની જરૂર છે. સોડ તાણી જો પડયા રહીશું તો જૈનસમાજનું સંસ્કૃતિ ધન લુંટાઈ જશે. જૈન-સમાજના અગ્રગણ્યો જાગો અને જગાડો અને લુંટાતા ધનને બચાવી લ્યોઃ— સં૦

આજે ઘણે વર્ષે ઉદયપુર રાજ્યે શ્રી કેસરી-યાજી તીર્થનો ચુકાદો બહાર મુકયો ખરો. જે ચુકાદાની ઘણાં વર્ષોથી રાહ જોવાતી હતી અને જે ચુકાદા માટે અનેક તર્ક-વિતર્ક થતા હતા તે ચુકાદો આખરે કોથળામાંથી બિલાડું બહાર આવે તેમ બહાર આવ્યો છે. યદિ આજ ચુકાદો અન્તિમ છે તો શ્વેતાંબર જૈન સંઘે આ તીર્થની સ્થાપના અને તીર્થની રક્ષા માટે કરેલા ભગીરથ પ્રયત્નો ઉપર ગંભીર ફટકો પડે તેમ છે.

કમિટી, પોતાના ચુકાદામાં નથી આપતી કોઇ પ્રમાણ કે નથી જણાવતી કારણ અને લખે છે કે—આ તીર્થ દિગંબરોનું છે. એ લખે છે કે— "Though originally a Digambari temple of Rikhabdeoji from times immemorial". ખરી રીતે આ લખાણ જરા પણ વ્યાજબી નથી જ. એની વિરૂદ્ધમાં અત્યારે જે વ્યવસ્થા ચાલી રહી છે તે જ સજ્જડ પુરાવારૂપ છે. શ્રી ઋષભદેવજીને આંગી રોજ ચઢે છે. ખુદ મર્હુમ મહારાજા ફત્તેસિંહજીએ શ્રી ઋષભદેવજીનો ૨૩૫૦૦૦ નો મુગટ ચઢા વ્યો છે. આ મુગટ દેવસ્થાન કમિટીએ કરા-વ્યો હતો અને મહારાણાજીને ખબર પડતાં મુગટનો અર્ધો ખર્ચ પોતે અંગત રીતે આપ્યો હતો. આ વસ્તુ જ એમ સૂચવે છે કે, શ્રી રૂષભદેવજી—કેસરીયાજીનું મંદિર મૂલ દિગંબરી નથી જ. આજે પણ એ દેવસ્થાન કમટી રીત-સર આંગી આદિ કરાવે છે, દિગંબરી પૂજન વિધિથી વિરૂદ્ધ પૂજનવિધિથી પૂજાની વ્યવસ્થા કરાવે છે, એટલે આનો અર્થ તો એમજ થયો કે, સ્ટેટ પોતે જ કાયદો કરે છે એ સ્ટેટ પોતે જ એ કાયદાનો ભંગ કરે છે. વસ્તુતઃ કમિટીનો ચુકાદો અપ્રમાણિક અને અવાસ્તવિકછે.

આ ચુકાદો આપનાર કમિટીએ મને નથી લાગતું કે,કદી શ્રી કેસરીયાજી જઇ શ્રી ઋષભદેવ-જીની મૂર્તિ નિહાળી હોય.જે કેસર-ફૂલ-હાર અને આંગી વગેરે ચઢે છે તે એમણે નજરે જોયું હોત તો આ મંદિર દિગંબરી છે એમ ન લખી શકત.

આ તીર્થની સ્થાપના શ્વેતાંબર જૈનાચાર્ય-જીના હાથથી થયાનું પ્રમાણ હું પ્રસંગે રજુ કરવા ધારૂં છું, પરંતુ જે પ્રત્યક્ષ પુરાવા જોઇએ છીએ એમાં તો કયાંય એમ નથી સિદ્ધ થતું કે, આ મંદિર દિગંબરી હોય.

આવીજ રીતે ધ્વજાદંડ અને પ્રતિષ્ઠા વગેરેનું પણ છે. જયારે આ મંદિરનો ધ્વજાદંડ પાટણના સદ્ગૃહસ્થ સ્વર્ગસ્થ શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાએ ચઢાવ્યો તે વખતે જુના ધ્વજાદંડની પાટલી ઉપરનો લેખ પણ શ્વેતાંબર જૈન ધ્વજાદંડ ચઢાવ્યાનો ઉપલબ્ધ થયો હતો. બીજું તે વખતે દિગંબરી શ્રાવકોએ જે તોફાન કર્યું હતું અને ધમાલ થઇ હતી

તે પણ સકારણ જ હતી. યદિ દિગંબર મંદિર હતું તો સ્ટેટે શા માટે શ્વેતાંબર જૈનોને ધ્વજાદંડ ચઢાવવાની સગવડ કરાવી–કરી આપી હતી તેમજ જૂનો લેખ પણ શ્વેતાંબર જૈને જ ધ્વજાદંડ ચઢાવ્યાનો મળ્યો હતો તે ક્યાંથી મળત ?

ચુકાદામાં અદ્‌ભૂત વસ્તુ તો એ લખે છે કે–મૂલમંદિર દિગંબર હોવા છતાં પ્રાર્થના માટે હિન્દુઓ અને બીજા જૈનોને–શ્વેતાંબર જૈનોને છૂટ છે. પરન્તુ ચુદાદો આપનાર કમિટી એ જ ભૂલી ગઈ છે કે, એકલી પ્રાર્થના જ નહિ કિન્તુ મૂર્તિઓ શ્વેતાંબરી બેઠી છે. દિગંબર મંદિરમાં શ્વેતાંબર મૂર્તિઓ કેમ બેસી શકે ? આ પ્રશ્ન જ બહુ વિચારણા માગે છે.

ચુકાદામાં મંદિર ઉપરના જે સ્ટેટના દેવસ્થાન કમિટીના હક્કો આપ્યા છે એ જ તદ્દન ગેરવ્યાજબી અને અન્યાયી છે. દેવસ્થાન કમિટી જે જૂની હતી તેમાં વ્યવસ્થાપકો એકલા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો હતા. પાછળથી એમાં બે સ્થાનકવાસીઓ આવ્યા અને ત્યારપછી આખી કમિટી બદલાઈ છે. દેવસ્થાન કમિટી માત્ર વ્યવસ્થા સાચવવા માટે હતી. સ્ટેટની તીર્થ પ્રતિ ભક્તિ દેખાડવા માટે હતી; નહિ કે હુકમ ચલાવવા.

ખરી રીતે આજે આટલા વર્ષો પછી ઉદયપુર સ્ટેટે જે ચુકાદો બહાર મુકયો છે તે સહેતુક છે. સ્ટેટને આ તીર્થ દિગંબરી રહે કે શ્વેતાંબરી રહે એની ઝાઝી પરવા નથી. સ્ટેટને તો દિગંબર અને શ્વેતાંબર જૈનોને અથડાવી વચ્ચે વ્યવસ્થાપક બની રહી તીર્થની આવક પોતાના હસ્તક રાખવી છે. આ સિવાય સ્ટેટને આવો અન્યાયી જુલ્મી ચુકાદો બહાર પાડવાનો બીજો કોઈ જ હેતુ નથી.

સ્ટેટની દાનત દેવસ્થાન ખાતામાં શ્રી ઋષભદેવજીના જે લાખો રૂપિયાની મિલ્કત ભેગી થઇ છે તેને પોતાની કીર્તિ અને નામના ખાતર ખર્ચી મોટા બનવું છે.

બ્રીટીશ ગવર્મેન્ટ જેવી વિદેશી સત્તા પણ જે આપખુદ પગલું ન ભરે તેવું આપખુદ અને ઉતાવળીયું પગલું ઉદયપુર સ્ટેટે ઉઠાવ્યું છે. જે સ્ટેટ પોતાને આર્યસંસ્કૃતિનું રક્ષક હોવાની ડિંગ મારે છે તે સ્ટેટ જે જૈન સંઘનું મંદિર છે. જે જૈન સંઘના હજારો અને લાખ્ખો રૂપિયા જમા થયા છે તેમને પૂછવાની પણ દરકાર નથી કરતું અને હુકમ કાઢે છે કે, શ્રી ઋષભદેવજીના મંદિરના લાખ્ખો રૂપિયા અમારે યુનિવર્સીટીમાં લઇ લેવા છે.

જે મહારાણા પ્રતાપે હિન્દુ ધર્મની રક્ષા માટે શિર આપ્યાં, દેશ ત્યાગ્યો એનાજ વંશજો એના જ નામના વિદ્યાલય માટે મંદિરોની મિલ્કત જ વાપરી નાંખે એ કાંઈ ઓછી શરમની વાત નથી. ઉદયપુર સ્ટેટ એ વસ્તુ સમજી લે કે, શ્રી કેશરીયાજીના મંદિરની મિલકત જૈનસંઘની ગાઢી કમાણીનો પૈસો છે. જૈનોએ પસીનાનાં ટીપાં ઉતારી કાળી મહેનત કરી એકઠું કરેલું એ નાણું એમ સ્ટેટને આપી દેવા માટે નથી એકઠું કર્યું. આગળના હિન્દુ રાજાઓ શિવનિર્માલ્ય દ્રવ્યને હાથ ન અડાડતા. આજે પણ ઉત્તમ બ્રાહ્મણો અને રાજાઓ શિવનિર્માલ્ય દ્રવ્યને હાથ ન લગાવી શકે તેવા છે. આવું જ શ્રી ઋષભદેવજીના નામે દાનમાં આપેલી રકમનું એ દેવદ્રવ્ય છે. એને મરજીમાં આવે તેમ વેડફી ન નંખાય. એ હક્ક રાજ્યને નથી જ.

ઓછામાં ઓછું મહારાણાજીની એટલી તો ફરજ જ હતી કે, પ્રતાપ વિશ્વવિદ્યાલયને જૈન મંદિરોની રકમ આપી દેતાં પહેલાં જૈન સંઘનો અભિપ્રાય માંગવો જ જોઇએ. પરંતુ એકદમ આપખુદી, અન્યાયી અને જુલ્મી હુકમો બહાર પાડવાનું સ્ટેટને માટે હરગીજ શોભાસ્પદ નથીજ.

હવે તો ચેતો ! આજે જૈન સંઘે વ્યવસ્થીત રીતે સંગઠીત બનવાની જરૂર છે.

Reg N. B. 4925


## પાઠશાળા ઉપયોગી પુસ્તકો.

| | | |
|---|---|---|
| બે પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૩૫--૦--૦ |
| સામાયિક સૂત્ર મૂળ | ૧૦૦ ના | ૧૨ -૦--૦ |
| બે પ્રતિક્રમણસાર્થ | ૧૦૦ ના | ૧૭૫--૦--૦ |
| પંચપ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૧૦૦--૦--૦ |
| પંચપ્રતિક્રમણ પોકેટ | ૧૦૦ ના | ૧૫૦--૦--૦ |
| સ્નાત્રપૂજા | ૧૦૦ ના | ૨૦--૦--૦ |
| સુધારસ સ્તવનાવલિ | ૧૦૦ ના | ૪૦--૦--૦ |
| જીવ વિચાર સાર્થ | ૧૦૦ ના | ૭૫--૦--૦ |
| નવતત્ત્વ સાર્થ | ૧૦૦ ના | ૧૫૦--૦--૦ |
| દંડકસંગ્રહણી સાર્થ | ૧૦૦ ના | ૧૭૫--૦--૦ |
| વિવિધ પૂજા સંગ્રહ | ૧૦૦ ના | ૩૫૦--૦--૦ |
| દેવ વંદન માળા | ૧૦૦ ના | ૨૦૦--૦--૦ |
| નૂતન સ્તવનાવલિ | ૧૦૦ ના | ૩૦--૦--૦ |
| બાર વ્રતની ટીપ | ૧૦૦ ના | ૨૦--૦--૦ |
| વિધિ સહીત પંચપ્રતિક્રમણ-- | ૧૦૦ ના | ૨૦૦--૦--૦ |
| નિત્યસ્વાધ્યાય પ્રકરણ સ્તોત્રાદિ-- | ૧૦૦ ના | ૩૦૦--૦--૦ |

લાઇબ્રેરી તેમજ પ્રભાવનાનાં પુસ્તકો માટે
લીસ્ટ મંગાવો !

**સોમચંદ ડી શાહ**

જીવન નિવાસ સામે—પાલીતાણા.


:: મુદ્રક :: અમરચંદ બેચરદાસ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિં. પ્રેસ—પાલીતાણા.